Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૬ • તા. ૨ ફેબ્રુઆરી થી ૮ ફેબ્રુઆરી ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી યોજીત રમતગમત-૨૦૧૩ અને રંજનસંધ્યા-૨૦૧૩ કાર્યક્રમ ઝલક























# રાપર ગઢવારી મુકામે નુતન અતિથી ગૃહ



## રાપર ગઢવારી મુકામે નુતન અતિથી ગૃહના ભૂમિ પૂજનની પળો



શ્રી હીરાચંદ વિસનજી નાગડા, પ્રફુલ દેવજી નાગડા, દામજી લઘુભાઈ લોડાયા, મિતેશ જવેરચંદ લોડાયા, કલ્પેશ માણેકજી મોતા, હિતેશ ભોજરાજ નાગડા તથા અન્ય સ્થાનિક જ્ઞાતિજનો સંગાથે...

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**તંત્રી**
રાયચંદ આર. નાગડા
**સહતંત્રી**
ચંપક જીવાણી–09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 6 / 2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીયર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behinjd Poornima Restaurant,
Rajabahadur Comp.,
Nr. Stock Exchange Bldg.,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...
www.prakashsamiksha.com.
E-mail : kdo_prakash@yahoo.co.in

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# બૃહદ મુંબઈમાં ધાર્મિક અને અન્ય ક્ષેત્રોએ જ્ઞાતિનું ગૌરવભર્યું યોગદાન

- શ્રી દેવજી દામજી ખોના

*(ગતાંકથી ચાલુ...)*

**ભાંડુપ :** આ પરૂં જ્યારે નિર્જન જેવું હતું ત્યારે સો એક વરસો પૂર્વે આખા ગામની લગભગ સઘળી જમીન ખોના પાસેથી જ્ઞાતિબંધુઓએ વેચાતી લીધી હતી. કેટલાકે તો ત્યાં બંગલા પણ બાંધ્યા. શ્રી જેઠાભાઈ વીરમ ખોના (સુથરી) એ પોતાની જમીન ઉપર દેરાસરજી તથા સેનેટોરીયમ બાંધવા સારૂં સઘળી મિલકત મુંબઈ મહાજનશ્રીને ભેટ આપી દીધી. શ્રી વેરશી માલશી (નલીઆ) એ વાયવ્ય ખૂણામાં લાકડાનું ઘર દેરાસર બંધાવી, એમાં મૂલનાયક તરીકે શ્રી મહાવીર સ્વામી (કે.ના.અં.) ભગવાનને બિરાજમાન કર્યા અને વહીવટ શ્રી અનંતનાથજી મ. ટ્રસ્ટને સોંપ્યો. આ દેરાસરજી જીર્ણ થતાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટે એજ સ્થળે નવેસરથી શિખરબધ્ધ દેરાસર બંધાવી એમાં મૂલનાયક તરીકે શ્રી આદીશ્વર ભગવાન (કે.ના.અં.) સં ૨૦૦૨માં પ્રતિષ્ઠિત કર્યા. જે વખતે વિધિકાર તરીકે શ્રી ક્ષમાનંદજી- શ્રીજી મહારાજ હતા. શેઠ હીરાચંદ હીરજી ખેતશીએ શ્રી મૂલનાયક ભગવાન તથા બાજુના બંને પ્રતિમાજીઓને અનુક્રમે શ્રી દામજી નેણશી કાથાવાલા તથા શ્રી દેવજી દામજી ખોનાએ તથા અસલના મૂલનાયક શ્રી મહાવીર સ્વામીને ઉપરની દેરીમાં ગાદીનશીન કરવાનો લાભ શ્રી ધનજી કાનજી પીપરમીંટવાળાએ લીધો હતો.

આ સેનેટોરીયમનો ઉપયોગ જ્ઞાતિબંધુઓ અવારનવાર કરતા તથા વેકેશન દરમ્યાન બોર્ડીંગના છાત્રોને અહિંના નૈસર્ગિક વાતાવરણનો લાભ લેવા તેડી આવવામાં આવતા. મુંબઈનું આ સૌ પ્રથમ સેનેટોરીયમ હતું. આ સેનેટોરીયમ બનાવવા સારૂં શેઠ જેઠાભાઈ નરશી કેશવજી તથા શેઠ જેઠાભાઈ દામજી મેઘજીએ ખૂબ જહેમત ઉઠાવી જેથી પાછળની બાજુએ પોતે તથા અન્ય જ્ઞાતિપ્રેમી શેઠીઆઓએ રૂમો બંધાવી આપ્યા. આગળ રસ્તા ઉપર શ્રી હીરજી ખેતશી મેપાણી (પરજાઉ) ગુંદરવાલાએ એક મજલાનું ચાલી ઢબનું વિશાળ મકાન બંધાવી આપ્યું. જેમાં વચ્ચેની ડેલીની જમણી બાજુએ ઉપર નીચે ત્રણ ત્રણ ડબલરૂમો, ડેલી ઉપર પૂ. સાધુ-સાધ્વીઓ સારૂં મોટો રૂમ તથા ડાબી બાજુએ ઉપરના ભાગમાં ધર્મારાધના સારૂં વિશાળ ઉપાશ્રય અને નીચે સ્ટાફ સારૂં ચાર રૂમો બંધાવ્યા. ઈ.સ. ૧૯૪૪ના ધડાકા પ્રસંગે કેટલાક પરિવારોએ અહિં કામચલાઉ રીતે આશરો લીધેલ પણ અન્યત્ર જગ્યા ન મળતાં, એ અહિં કાયમ વસ્યા. આ મિલકતનો વહીવટ ''મહાજન હસ્તક સ્કીમ ફંડ'' પાસેથી શ્રી અનંતનાથજી ટ્રસ્ટને સુપરત થતાં, એણે અહિં ચાર ચાર મજલાના ચાર મકાનો બાંધ્યા, જેમાં સાઠેક પરિવારો વસે છે. આને અનંતછાયાની જેમ જ્ઞાતિની એક નિર્ભેળ કોલોની કહી શકાય. અહિં અલગ મકાનમાં જ્ઞાતિ શીરોમણી શેઠ નરશી નાથા સભાગૃહ તરીકે ઓળખાતો એક વિવિધલક્ષી વિશાળ હોલ છે જેની નામકરણ વિધિ રૂા. ૨૫,૦૦૧ ના નકરાથી મહાજનશ્રી પાસેથી આદેશ મેળવી સંઘવી શ્રી ટોકરશી આણંદજી લાલકા (લાલા) હસ્તક થઈ હતી. આ સિવાય ઉપાશ્રય, મહિલા ગૃહઉદ્યોગ તથા ''અરિહંત કો-ઓપરેટીવ બેંક'' છે.

**મુલુંડ (પશ્ચિમ) :** અહિં પરમ વિદુષી પૂ. માતુશ્રી રાણબાઈ માની પ્રેરણાથી શ્રી જવેરચંદ રામજીએ શ્રી સંઘને અર્પણ કરેલ વિશાળ જમીન ઉપર સં. ૧૯૮૩ના અરસામાં આરાધના મંદિર તથા ગૃહ ચૈત્યનું નિર્માણ કરવામાં આવ્યું. જેમાં શેઠ નરસી નાથા ચેરીટી ટ્રસ્ટ તરફથી ભેટ મળેલ શ્રી વાસુપૂજ્ય સ્વામીના પ્રતિમાજી (કે.ના.અં.) મૂલનાયક તરીકે બિરાજમાન કરવામાં આવ્યા. હાલ સાધ્વીશ્રીઓના ઉપાશ્રય તરીકે વપરાતા મકાનમાં ડાબી બાજુના રૂમનો દેરાસરજી તથા સામેના હોલનો સ્વાધ્યાય મંદિર તરીકે ઉપયોગ પૂ.આ.શ્રી. યશોભદ્રવિજયજીના ઉપદેશથી જ્ઞાતિબંધુઓની આર્થિક સહાયથી કરવામાં આવતો હતો. ઉપરનો મજલો પાછળથી બંધાવવામાં આવ્યો છે. સં. ૨૦૦૯માં નૂતન શિખરબંધી દેરાસરજીમાં એજ શ્રી વાસુપૂજ્ય પ્રભુને મૂલનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા તેમજ ગભારામાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી શ્રી વરકાણાતીર્થમાંથી મેળવી, પૂ. રાણબાઈમાએ ભેટ આપેલ છે. પ્રદક્ષિણામાં દાખલ થતાં શ્રી પાર્શ્વનાથ આદિ પ્રતિમાજીઓ માટે બંધાવવામાં આવેલ ગોખલા સારૂં શ્રી ખેતશી ચત્રભોજ અજાણી (કોઠારા)ના માતુશ્રી

ગં.સ્વ. લક્ષ્મીબાઈ તથા ધર્મપત્ની ગં.સ્વ. વેજબાઈ તરફથી સં. ૨૦૦૯માં રૂા. ૩૦૦૧ આપવામાં આવ્યા છે. ઉપર ચૌમુખજીની દેરીના ગોખલામાં ગદગ નિવાસી શ્રી દેવશી ખેતશી ખોના (જખૌ) ના પરિવાર તરફથી ભેટ મળેલ શ્રી શિતલનાથજી ભગવાનના પ્રતિમાજીને બેસાડવામાં આવ્યા છે. રંગ મંડપમાં ભગવાનની ડાબી બાજુએ શ્રી પદ્માવતી દેવીની બરાબર સામે ગોખલામાં અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલીમાના પ્રતિમાજી શ્રી વીરજી જીવરાજ મેપાણી (પરજાઉ)એ પ્રતિષ્ઠિત કર્યા છે.

મુંબઈના સૌ પ્રથમ વિશાળ ઉપાશ્રયના પહેલા માળના બાંધકામ સારૂં (૨૫ વર્ષ સુધી ધાર્મિક શિક્ષિકા તરીકે મેળવેલ રકમમાં ખુટતી રકમ ઉમેરીને પૂ.રાણબાઈમાએ રૂા.૧૧૦૦ આપતાં એમની સર્વદેશિય સેવાના ઉપલક્ષમાં શ્રી સંઘ તરફથી આ ઉપાશ્રયને કચ્છ કોડાયવાળા વિદુષીબેન રાણબાઈ હીરજી છેડા આરાધના મંદિર નામ આપવામાં આવ્યું છે. સં. ૧૯૯૫માં શ્રી મુલુંડ શ્વે.મૂ.જૈન સંઘ (અચલગચ્છ તથા તપગચ્છનો સંયુક્ત સંઘ)ની સ્થાપનાના સર્વશ્રી રાણબાઈમા, નાયક જેઠાભાઈ, ખીમજી ઘેલાભાઈ ખોના, વાલજી લઘાભાઈ, ચત્રભોજ ઉકેડા, વીરજી જીવરાજ, દામજી વેરશી ધરમશી, હરગોવિંદદાસ રામજી અને મણીલાલ ચત્રભોજ ગાંધી વિગેરે મુખ્ય સૂત્રધારો હતા. સ્વ. ખીમજી ઘેલાભાઈ ખોના તથા શ્રી પ્રતાપ ગોવિંદજી લોડાયા આદિ ધર્મપ્રેમી અને સેવાભાવી કાર્યકરોની સેવા ઉલ્લેખનીય છે. શ્રી ટોકરશી દામજી ધરમશી (જશાપુર) ટ્રસ્ટી તરીકે સેવા આપેલ. અત્રે સં.૨૦૦૯માં નૂતન શિખરબંધી દેરાસર તથા ઉપાશ્રય બંધાયા ત્યારથી પૂ. સાધુ-સાધ્વીઓના ચાતુર્માસ થાય છે તે પહેલાં સં. ૧૯૮૩ થી સં. ૨૦૦૮ સુધી લાગલગાટ ૨૫ વરસો લગી પૂ. વિદુષી માતુશ્રી રાણબાઈમા જ પર્યુષણ પર્વ દરમ્યાન આરાધના કરાવતા. મુલુંડ શ્વે.મૂ. સંઘના ઉત્થાનમાં રાણબાઈમા પાયાના પથ્થર સમાન હતા. પીસ્તાલીસ આગમના અઠંગ અભ્યાસી, પ્રખર વક્તા, સં. ૧૯૮૬માં જુન્નેર શ્વે. કોન્ફરન્સને ગજાવનાર મુલુંડ સકળ જૈન સંઘના આદરણીય પૂ. રાણબાઈમા જ્ઞાતિના ગૌરવવંતા મહિલા રત્ન હતા. (અ) મુલુંડ (પ.) માં વાલજી લધા રોડ ઉપર આવેલ પોતાની માલિકીના ખોના નિવાસમાં ઉપરની અગાશીમાં શ્રી ગોવિંદજી ખોનાએ ગૃહચૈત્ય બનાવ્યું છે. પોતે માટુંગા રહેવા ગયેલ હોવાથી અહિં રહેતા શ્રીમતી જમકુબાઈ લાલજી ખોના એનો વહીવટ સંભાળે છે.

(બ) બાબા પદ્યુમન સીંગ ક્રોસ રોડ ઉપર આવેલ ઉમાસ્મૃતિમાં રહેતા સ્વ. કસ્તુરીબાઈ ચંદુલાલ દેસર ખોના (વાંકુ) એ પોતાના બ્લોકના એક મોટા રૂમમાં શ્રી અજીતનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય બનાવ્યું છે. આ બંને ઘર દેરાસરમાં આજુબાજુ વસતા અનેક ભાવિકો સેવા પૂજાનો અમૂલ્ય લાભ લે છે.

**મુલુંડ (પૂર્વ)** : પ્રતિષ્ઠિત અને ધર્મપ્રેમી બિલ્ડર શ્રી શાંતિલાલ શિવજી મોતા (લાલા) એ પોતાની વિશાળ જમીન શ્રી અચલગચ્છ સંઘને તદ્દન વ્યાજબી કિંમતે આપી તેમજ આ પ્લોટ ઉપર શ્રી સુમતિનાથ ભગવાનનું દેરાસર અને ઉપાશ્રય બાંધવા માટે નગરપાલિકા પાસેથી તત્કાળ મંજુરી મેળવી આપી તથા પોતાના સ્વ. માતુશ્રી મણીબાઈના નામે ઉપાશ્રય માટે સારી એવી રકમ આપતા શ્રીમતી મણીબાઈની સ્મૃતિરૂપે એક આરસની તક્તી ઓફિસના રૂમ ઉપર લગાડવામાં આવી છે. શાસન અને ગચ્છ ઉન્નતિના એમના કાર્યોના ઉપલક્ષમાં શ્રી શાંતિલાલભાઈને અચલગચ્છ સંઘના આજીવન ટ્રસ્ટી નિયુક્ત કરવામાં આવ્યા હતા.

**થાણા ટેંબીનાકા** : સવાસો એક વરસો પૂર્વે અહીં શરાફી ધંધો કરતાં રાજસ્થાની ભાઈઓની થોડી દુકાનો હતી. પણ આર્થિક રીતે એ સધ્ધર નહોતાં. એમની વિનંતી થતાં શેઠ કેશવજી નાયકે અહિં બે માળ અને ચાર ગભારાવાળું ઘર દેરાસર બાંધવામાં મુખ્ય હિસ્સો આપેલ અને એમણે સં. ૧૯૨૭માં મૂલનાયક શ્રી આદિશ્વર દાદા (કે.ના.અં.) તથા અન્ય પ્રતિમાજીઓ (કે.ના.અં.) ની પ્રતિષ્ઠા કરી. જુનુ દેરાસર જિર્ણ થતાં એજ સ્થળ ઉપર હાલ ત્યાંના રાજસ્થાની સંઘ શિખરબંધ દેરાસર બંધાવે છે, જેમાં એ જ આદીશ્વર દાદાને મૂલનાયક તરીકે બિરાજમાન કરવામાં આવશે.

**ડોંબીવલી (પૂર્વ)** : શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના મા. મંત્રી શ્રી ટોકરશી ભુલાભાઈ વીરાના કહેવા મુજબ ત્રીશેક વરસો પૂર્વે એમના વડીલ બંધુ સ્વ. ખીમજી ભુલાભાઈએ અહીં પતરાનું સીનેમા ઘર બંધાવ્યુ. સીનેમા ચલાવવા આઠ વરસો સુધી ખૂબ પ્રયત્નો કરવા છતાં એમને લાયસન્સ મળતું ન હતું. છેવટે શેઠ ભવાનજી અરજણ ખીમજીના શુભ પ્રયાસોથી એમને લાયસન્સ મળ્યું. આ સીનેમા દ્વારા લાખો રૂપિયા કમાતા એમના ત્રણ સુપુત્રોએ પોતાના પૂ. માતુશ્રી પુરબાઈમાની પ્રેરણાથી દેરાસર તથા ઉપાશ્રય બંધાવ્યા તથા શૈક્ષણિક અને સામાજિક કાર્યોમાં લાખો રૂપિયા ખર્ચ્યા. સંનિષ્ઠ, ચતુર અને સમય પારખુ વીશાભાઈઓના શુભ પ્રયાસોથી બંને જ્ઞાતિઓ હળીમળીને અચલગચ્છનો દરેક ધાર્મિક પ્રસંગ સંયુક્તપણે ઉલ્લાસપૂર્વક ઉજવે છે. જ્ઞાતિબંધુઓ શ્રી પદમશી માણેકજી મૈશેરી તથા સ્વ. પદમશી પુંજાભાઈ પીરની સેવાઓ ઉલ્લેખનીય છે.

**સાંતાક્રુઝ (પૂર્વ)** : સ્વ. શ્રી નાનજી કેશવજી (કોડાય) એ અહિં શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જિન મંદિર તથા ઉપાશ્રયાદિ ધાર્મિક સ્થાનો ઊભા કર્યા છે. જેમા બંને જ્ઞાતિઓ એકરસ થઈને દરેક ધાર્મિક પ્રવૃત્તિ કરે છે. શ્રી કુંવરજી જેતશી દંડે (ભરૂડીઆ) શરૂઆતથી ટ્રસ્ટી તરીકે સારી સેવા બજાવેલ. પોતાની સુકૃત કમાઈમાંથી અહિં એ સારો જેવો સદ્વ્યય કરી રહ્યા છે.

**વીલેપાર્લે (પૂર્વ)** : વર્ષોથી અહિં શ્રી જયંતીલાલ દામજી ખીમજી (નલીઆ) ના મકાનમાં પર્યુષણ પર્વ પ્રસંગે બંને જ્ઞાતિઓ ધાર્મિક આરાધના કરતી હતી. સંઘના પ્રમુખ સ્વ.શ્રી કરમશી કુંવરજી વીકમશી (રાણપુર)ના શુભ

પ્રયાસોથી અત્રે શ્રી અચલગચ્છ સંઘની સ્થાપના થઈ છે. ઉપાશ્રયના નવનિર્માણ માટે એમણે શુભ શરૂઆત કરી હતી. પણ પોતાની હયાતી દરમ્યાન પોતાનું સ્વપ્ન સાકાર થતું એ જોઈ ન શક્યા.

**અંધેરી (પશ્ચિમ) :** જયપ્રકાશ નારાયણ રોડ પર આવેલ જિન મંદિરના મૂલનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીના પ્રતિમાજી (કે.ના.અં.) વખતના છે.

**ગોરેગામ (પશ્ચિમ) :** આરે રોડ ઉપરના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના નવનિર્માણમાં શ્રી જેતશી મેઘજી કુરૂવા (ગોધરા)નો પણ હિસ્સો છે. વરસો સુધી એના ટ્રસ્ટી તરીકે એમણે પોતાની સેવા અર્પી હતી. શ્રી અચલગચ્છની સ્થાપનામાં પણ એ અગ્રેસર હતા. શ્રી અચલગચ્છના ઉપાશ્રય માટે એમણે સૌથી વિશેષ ફાળો આપેલ.

**વસઈ :** ચાળીસેક વરસોથી અત્રે વસતા શ્રી લખમશી તથા શ્રી કાનજી માણેક પોલડીઆ (ડુમરા) ને આપણી પ્રણાલિકા મુજબ દેરાસરજીની જરૂર જણાતાં એમના વડીલ બંધુ શ્રી નરસી માણેકના શુભ પ્રયાસોથી સૌ પ્રથમ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તરફથી દેરાસરજી માટે રૂા. ૨૫,૦૦૦/ ની રકમ મળતાં એક મકાન ખરીદી, એમાં શ્રી વાસુપૂજ્યસ્વામી આદિ ત્રણ પ્રતિમાજીઓને બિરાજમાન કર્યા. ત્યારબાદ પણ શ્રી અનંતનાથજી ટ્રસ્ટે રૂા. ૨,૫૦૦ આપ્યા. સંઘના અગ્રેસર અને પ્રમુખ શ્રી લખમશીભાઈ મંદિરની સ્થાપનાથી આજ પર્યંત એના મે. ટ્રસ્ટી તથા વહીવટીકર્તા તરીકે સઘળી જવાબદારી સંભાળી રહ્યા.

આદિ ત્રણ પ્રતિમાજીઓને બિરાજમાન કર્યા. ત્યારબાદ પણ શ્રી અનંતનાથજી ટ્રસ્ટે રૂા. ૨,૫૦૦ આપ્યા. સંઘના અગ્રેસર અને પ્રમુખ શ્રી લખમશીભાઈ મંદિરની સ્થાપનાથી આજ પર્યંત એના મે. ટ્રસ્ટી તથા વહીવટીકર્તા તરીકે સઘળી જવાબદારી સંભાળી રહ્યા.

અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી. ગુણસાગર-સૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તીની પૂ.સા. શ્રી ગુણપ્રભાશ્રીજી મ.સા. ની પ્રેરણા અને ઉપદેશથી એક જિન મંદિર ઉપાશ્રય અને વિવિધલક્ષી હોલનું નિર્માણ થયું છે. શ્રી લખમશીભાઈના અથાગ પરિશ્રમ, ખંત અને કુનેહથી રૂા. ૨,૫૦૦/- ની મદદથી વિક્સેલી સંસ્થા આજે સ્વાશ્રયી બની છે. બંને ભાઈઓ વચ્ચે સંપ સારો છે. શ્રી કાનજીભાઈ પર્યુષણ પર્વ પ્રસંગે ધર્મારાધના કરાવે છે. અહિંની વધતી જાહોજલાલી, સંઘરૂપી ઈમારતના પત્થરના પાયાના જેવા પોલડીઆ બંધુ ત્રિપુટીને આભારી છે.

**અગાસી :** અત્રે મોતીશા શેઠે બંધાવેલ શ્રી મુનિસુવ્રતસ્વામીના દેરાસરજીની બરાબર સામે કચ્છીની ધર્મશાળા તરીકે ઓળખાતું એક મજલાનું મકાન હતું. ગઈ સદીમાં ત્યાંનો સંઘ મધ્યમ સ્થિતિનો હતો, એટલે એણે અહિં ધર્મશાળા બંધાવી આપવા આપણા જ્ઞાતિ મહાજનને વિનંતી પત્ર લખ્યો. (આ દસ્તાવેજ શ્રી મહાજન હસ્તક સ્કીમ ફંડના ચોપડામાં મોજુદ છે, જેનો ઉતારો હું ટ્રસ્ટ બોર્ડમાં હતો ત્યારે પચીશેક વરસો પૂર્વે મેં 'પ્રકાશ-સમીક્ષા'માં આપેલ) જ્ઞાતિ શેઠીઆઓએ સારી જેવી રકમ એકત્ર કરી ધર્મશાળા બંધાવીને ત્યાંના સંઘને સુપરત કરી દીધી. દશેક વરસો પૂર્વે જૂનું મકાન તોડી એજ જગ્યા ઉપર એક મજલાની નવી ધર્મશાળા બાંધવામાં આવી છે. તેમાં સંસ્થાની પેઢી આવેલી છે. જેની બરાબર ઉપર પહેલે માળે શ્રી ઉમરશી કાનજી ભેદા (વારાપધર) એ બે રૂમવાળો બ્લોક ભેટ આપ્યો છે. શ્રી અનંતનાથજી ટ્રસ્ટ (જેની હસ્તક હાલ શ્રી મહાજન હસ્તક સ્કીમ ફંડનો વહીવટ છે) આ તીર્થના વહીવટદારો સાથે વાટાઘાટ કરી આ મકાનમાં યોગ્ય સ્થળે એવી મતલબની તક્તી મુકાવે જેમાં એવો ઉલ્લેખ હોય કે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનશ્રીએ બંધાવી આપેલ ધર્મશાળા જીર્ણ થતાં સંસ્થા તરફથી શ્રી સંઘના ઉપયોગ માટે આ ધર્મશાળા (સં.માં.) ફરીથી બંધાવવામાં આવી છે.

છેલ્લા દોઢસો વરસો દરમ્યાન બૃહદ મુંબઈમાં એક ટચુકડી જ્ઞાતિએ ધાર્મિક ક્ષેત્રે યથાશક્તિએ નિઃસ્વાર્થપણે કોઈના ઉપદેશ વિના સ્વેચ્છાએ કચ્છ અને ગચ્છને ગૌરવ અપાવે એવી જે સેવા બજાવી છે. તેનો મારી જાણ મુજબનો મેં અલ્પાંશે ઉલ્લેખ કર્યો છે. કદાચ અન્ય વિગતો રહી ગઈ પણ હોય !

કચ્છ અને ગચ્છ માટે એ ગૌરવરૂપ છે કે આપણી જ્ઞાતિએ આદરેલ પ્રવૃત્તિઓની પૂર્તિમાં અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સાહેબની પ્રેરણા અને ઉપદેશથી બૃહદ મુંબઈ તથા વિરાર અને કલ્યાણ સુધીના પરાંઓમાં જ્યાં જ્યાં આપણે વસવાટ છે. ત્યાં ત્યાં અચલગચ્છની સ્થાપના તેમજ જિનાલય અને ઉપાશ્રયનું નવનિર્માણ થયું છે. જેમાં આપણા ભાઈબંધ શ્રી વીશા ઓશવાલ જ્ઞાતિનો જ લગભગ સઘળે ફાળો છે. જે માટે આપણે એટલી જ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. કારણ કે દશા-વિશા સમાજો એકજ કચ્છી ઓશવાળ જ્ઞાતિના બે તડ (વિભાગો) છે, મગની એકજ દાળના બે અડધીઆ છે અરે ! એકજ સિક્કાના બે પાસાઓ છે. એટલે તો બંને સમાજો ખભેખભા મેળવીને કેટલીક પ્રવૃત્તિઓ સંયુક્તપણે કરે છે.

**('પ્રકાશ સમીક્ષા'માંથી)**

શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

# ઝૂકી તો જવાય ને...!''

## સેવાભાવના

વ્યક્તિને અણધારી ક્યાં પણ, કેવી ક્યારેક સહાયતાની જરૂર પડતી હોય છે. અણધારી પરિસ્થિતિની પીડામાં સહાય થવું એ આપણાં જ્ઞાતિબંધુની રગમાં સહકાર રહેલો છે.

હાલમાં મારા પતિ શ્રી મહેન્દ્ર માણેકજી લોડાયા જેઓ હમણાં ચાર મહિનાથી રાયપુરની યુનિયન બેંકમાં ચીફ મેનેજર તરીકે જોડાયા છે. તા. ૬ જાન્યુઆરીના ઘરમાં સ્લીપ થઈ જતાં ડાબા હાથમાં ફ્રેક્ચર આવેલ તેમણે તરત જ શ્રી સતીષભાઈ છેડાને ફોન કરતાં તરતજ તેઓ ઘરે હાજર થઈ ગયા. સમય ન બગાડતા તરતજ પ્રાથમિક સારવાર કરીને ડૉક્ટર પાસે લઈ ગયા. એક દિવસ હોસ્પિટલમાં રહેવું પડ્યું. મને મારા બનેવી શ્રી તરુણ પ્રેમજી શાહ જેઓ ધમતરી રહે છે. તેમનો ફોન તરત જ આવ્યો અને કહ્યું ચિંતા નહીં કરતાં અમારા વેવાઈશ્રી સતીષભાઈ છેડા એમની સાથે છે. અને એમના નંબર આપ્યા અમે ફોન કર્યો. મને ખૂબજ ધરપત આપીને કહ્યું તમે દૂર કોચીનમાં છો. આવી શકાય નહિ માટે ચિંતા ન કરતાં રજા લઈને તેઓ કોચીન આવી જશે. ત્યારબાદ ડૉક્ટરે ચાર દિવસ રહીને જવા માટે કહ્યું. ત્યાં સુધી ચંદ્રેશભાઈ છેડા અને સતીષભાઈ છેડાના ઘરેથી ટિફિનની વ્યવસ્થા પણ કરી આપી. તેટલું ઓછું હોય તેમ પ્લેનથી આવતી વખતે રાતે મોડું થશે તો શાક, થેપલા પણ સાથે કરીને આપ્યા હતા.

જ્યાં અમારો કોઈપણ જાતનો ખાસ પરિચય તેમજ સંબંધ ન હોવા છતાં એક પારકાને પોતાના કરીને જે પ્રેમ-લાગણી બતાવી તે બદલ હું એમના બન્ને પરિવાર માટે ઋણી છું. શ્રી સતીષભાઈની નિસ્વાર્થ સેવા અને કાર્યનિષ્ઠા માટે ઝૂકી તો જવાય ને.

ચિ. વિશાલ ભરત ડાઘા જેમણે રાતના કોચીનમાં એરપોર્ટથી ઘરે પોતાની કારમાં તેડી આવ્યા. આવી સેવા ભાવના માટે આભારી છીએ.

- **લીલમ મહેન્દ્ર લોડાયા** (કોચીન)


કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com


## જખૌના સોની પરિવારનું ગૌરવ

અમારી વહુ સૌ. ગીતા અમિત સોની પ્રવજ્યાના પંથે જાય છે. અમને ખુશી છે કે અમારા સોની ખાનદાનમાં કોઈએ દિક્ષા લીધી નથી. એની ધર્મભાવના જોઈને અમે એની ખુબ ખુબ અનુમોદના કરીએ છીએ. એનું પંથ નિરામય બને એવું પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

સંયમની સાધના માટે સહનશીલતા એ મંગલ મંત્ર છે. પ્રભુ મહાવીરનું જીવન સહનશીલતાનો સંદેશ આપે છે. તેમણે સર્વત્ર સહન કર્યુ છે સામનો નહિ. સ્વીકાર કર્યો છે, પ્રતિકાર નહી. ગોવાળાને ગોશાળાને પણ આવકાર્યો છે. સહન કરે છે તે શુદ્ધ બને છે. શુદ્ધ બને તે સિધ્ધ થાય છે. જીવન વહી રહ્યું છે. વહી જતાં જીવનને સહનશીલતાની સાધનામાં જોડી દઈએ તો આપણે સફળ બનીશું. આ ભવ અનંતકાળે મળ્યો છે અને અનંતપુણ્યે મળ્યો છે. જેને માનવ ભવ મળ્યો છે તે ભાગ્યવાન છે અને જિનવાણીનું શ્રવણ મળ્યું તે મહાભાગ્યવાન છે.

ગુણાનુરાગી બનજે. સુખ તો મોક્ષમાં જ છે. ભય મોહનો છે. મોહ કર્મથી પેદા થાય છે. તેનો નાશ થઈ શકે છે. આત્મા જ શાશ્વત છે. અમે સમસ્ત સોની પરિવાર મુમુક્ષુ ગીતાબેન સોનીની દીક્ષાભાવનાની અનુમોદના કરીએ છીએ.

તારો પંથ સદા ઉજમાળ બને.

- **માતુશ્રી વિજયલક્ષ્મી સુર્યકાંત સોની** (વાપી)


**ખત્રી કલેક્શન** (કોડાયવાલા)

શોપ નં. ૩, નવીનમંજુ, એસ.એલ. રોડ અને ઝવેર રોડ જંક્શન,
મુલુંડ (વે), ફોન : ૨૫૬૮ ૦૫૧૨

બાંધણી સાડી - ઘરચોળા
ફક્ત કોયાડનાં. કચ્છ જવાનું થાય
તો કોડાય જરૂર જજો

મુંબઈમાં ઘરચોળા
માટે સર્વશ્રેષ્ઠ સ્થળ
પધારો...

બાંધણી-ઈટાલીયન-ગજી
રીયલ ઘરચોળા-ડ્રેસ મટેરીયલમાં
અસંખ્ય વેરાયટી માટે ભરોસાપાત્ર સ્થળ...

**Mob. : 9821371416**

જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

।। નમામિ જ્ઞાતિ મૈયે ।।

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણી સદન, ૧લે માળે, નેહરૂ રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
ફોન : 022-25903514-5-6 ● e-mail : samastmahajan@gmail.com.

ન કોઈની માથે, સદા સૌની સાથે...

## ચતુર્થ જ્ઞાતિ સંમેલન

જ્ઞાતિ સંમેલન બોલાવવા માટે અનુક્રમે ગાંધીધામ તેમજ રાયપુર મહાજન દ્વારા પ્રાથમિક ઈચ્છા દર્શાવાઈ છે. હજુ કોઈ મહાજનશ્રી ઈચ્છુક હોય તો તેમણે તા. ૨૫.૦૨.૨૦૧૩ સુધીમાં મળી રહે તે રીતે પોતાની અરજી લેખીત સ્વરૂપે ઉપરોક્ત સરનામે, કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે. યોગ્ય રીતે અપાયેલ અરજીઓ પર ટ્રસ્ટબોર્ડ વિચારણા કરી નિર્ણય લેશે. આ અંગે વધુ માહિતી માટે સંપર્ક : સેક્રેટરી જનરલ : ફોન : 9322220708.

સમસ્ત મહાજનની તા. ૨૬-૨૭.૦૧.૧૩ના મુંબઈ ખાતે યોજાયેલ જનજાગરણ સભા, ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની સભા તથા જ્ઞાતિના સર્વે મહાજનો-સંસ્થાઓના કાર્યકરોની સંયુક્ત સભામાં પધારી જ્ઞાતિવિકાસની ચર્ચા વિચારણામાં સહભાગી થયેલ સર્વે જ્ઞાતિજનોનો આભાર....

સેક્રેટરી જનરલ
ચીમન મોતા

### ધાર્મિક સંસ્કરણ શિબિર

તાજેતરમાં વડોદરા ખાતે યોજાઈ ગયેલ બાળ-સંસ્કરણ શિબીર **KDO BUDS**નું, આપના વિસ્તારમાં આયોજન કરવા અનુરોધ છે. સંપર્ક : નિશીથ દંડ (વડોદરા)

### જોઈએ છે

સમસ્ત મહાજનનું દફતર(ઓફિસ) સંભાળી શકે તેવા ઉત્સાહી કમ્પ્યુટર જાણકાર, ગુજરાતી-ઈંગ્લીશમાં સ્વતંત્ર પત્રવ્યવહાર કરી શકે તેવા ભાઈ/બહેન પાર્ટ/ફુલટાઈમ માટે જોઈએ છે. આવડત મુજબ યોગ્ય વળતર, બીન અનુભવી ચાલશે.

### જ્ઞાતિજનો... આનંદો...!!!

જ્ઞાતિનું વિવિધલક્ષી ભવન અને અતિથીગૃહનું સ્વપ્ન થશે જલ્દી સાકાર!! ઐરોલી (નવી મુંબઈ) ખાતે તા. ૨.૨.૧૩ના એનું ભૂમિપૂજન થયું. મુંબઈ મહાજનશ્રી અને ભૂમિદાતાઓને હાર્દિક અભિનંદન સહ અનુમોદના.

### જ્ઞાતિ કેલેન્ડર

સમસ્ત મહાજનશ્રી દ્વારા પ્રકાશિત પ્રથમ અચલગચ્છીય તિથી તારીખસહનું કેલેન્ડર પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. ટૂંકમાં દરેક જ્ઞાતિ પરિવારને મોકલાવાશે.

**જ્ઞાતિનાં ૮મા વસ્તીપત્રકના માહિતી ફોર્મ, હવે જલ્દીથી ભરીને વસ્તીપત્રક સમયસર પ્રસિદ્ધ કરવા સહયોગ આપવા અનુરોધ.**

# દ્વિતીય પુણ્યતિથીએ શ્રધ્ધાસુમન



જન્મ
૨૦-૭-૧૯૪૫

વસમી વિદાય
૭-૨-૨૦૧૧

## સ્વ. અ.સૌ. નવલબેન રાયચંદ કુંવરજી મોમાયા

(સાંયરા-મુલુંડ)

**ભુલ્યા નથી નથી, ભુલીશું નહીં તમને, ભુલી જવાય જગ ભલે, તમે ભુલાશો નહીં.**
**કરૂણા ભીની જેમની આંખો હતી, વાત્સલ્યસભર જેમનું હૃદય હતું.**
**પ્રેમાળ જેમનું સ્મિત હતું. આશીષ જેમનાં શબ્દ હતા.**
**મમતા જેમનું મંદિર હતું. ધર્મ અને કર્મ જેમનું કર્તવ્ય હતું.**
**પરિવાર જેમને પ્રિય હતું. સ્નેહ જેમની સખી હતી.**
**સહુના દિલમાં જેમનું સ્થાન હતું એવા પાવનકારી આત્માને પરમ કૃપાળુ**
**પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના....**

**આપની અમર સ્મૃતિમાં...**

| | | |
|---|---|---|
| પતિ | : | રાયચંદ કુંવરજી મોમાયા |
| સાસુ-સસરા | : | સ્વ. લાખબાઈ કુંવરજી મુરજી મોમાયા |
| પુત્ર-પુત્રવધુ | : | સૌ. મૃણાલ નિલેશ મોમાયા |
| પુત્રી-જમાઈ | : | સૌ. સીમા અવિનાશ ભાવસાર (ધુલીયા) |
| | | સૌ. લીના દીપક વેદ (મુલુંડ) |
| પૌત્રી | : | આકાંક્ષા નિલેશ મોમાયા |
| દોહિત્ર-દોહિત્રી | : | દિપસ્વી અને મિહીર |
| નણંદ | : | સ્વ. ચંદનબેન ભવાનજી નાગડા ● ગં.સ્વ. પુરબાઈ મેઘજી સાંયા |
| | | સ્વ. હીરબાઈ દેવચંદ લોડાયા ● સૌ. લક્ષ્મી સુર્યકાંત ધુલ્લા |
| માતા-પિતા | : | સ્વ. લાખબાઈ કુંવરજી ભીમશી લોડાયા |
| ભાઈ-ભાભી | : | ગં.સ્વ. દમયંતી રતનશી લોડાયા ● સૌ. હેમલતા વિસનજી લોડાયા |
| | | સૌ. ભારતી તિલકચંદ લોડાયા |
| બેન-બનેવી | : | સૌ. સરલા જયચંદ લાપસીયા |

## ફેસબુક-ઈન્ટરનેટનો ઓટલો

– પ્રવીણ લોડાયા (વડોદરા)

'ફેસબુક' એક અદ્‌ભૂત સોશ્યલ નેટવર્ક સીસ્ટમ છે તેને નકારી ના શકાય. રોજ સવારે ઉઠતા સાથે, રાત્રે પથારી પર કે ઓફિસમાં કામ દરમિયાન પણ 'ફેસબુક' માટે કોમ્પ્યુટર છાતી સરસુ ચાંપેલુ રહેવાનું જ.

'ફેસબુક' ના સેંકડો ફાયદાઓની વાત નથી કરવી પણ આ ટેક્નોલોજીએ માનવી, જીવંત અને ધબકતા સંબંધોથી કેટલો દૂર થઈ ગયો છે તેની પોલને જરૂર ખુલ્લી પાડી દીધી છે. વર્ચ્યુલ ટેક્નોલોજીના યુગમાં સંબંધો પણ વર્ચ્યુલ બનતા જાય છે.

'ફેસબુક' માં આપણા જે મિત્રો છે તેમાંના ૧૦-૨૦ ટકાને જ આપણે અંગત રીતે જાણતા હોઈએ છીએ. ૧૫-૨૦ ટકા મિત્રો એવા રાખીએ છીએ કે જે જુદા જુદા ક્ષેત્રોમાં જાણીતા હોય છે. તેમના 'ઈનરસર્કલ' માં આવવાનું આકર્ષણ અને ગૌરવ હોય છે. બાકીના બહોળા વર્ગના મિત્રો અજાણ્યા છે. જેઓને ક્યારેય રૂબરૂ મળ્યા જ નથી. મળવાના પણ નથી. કદાચ મળવાનો ઉમળકો પણ નથી.

'ફેસબુક' એક એકાઉન્ટ છે. 'ફેસબુક' પરના આપણે જેમને રૂબરૂ મળ્યા જ ના હોઈએ તેવા મિત્રો જોડે સંપર્ક જારી રાખવા આપણે રોજીંદી બની ગયેલી દિનચર્યા પ્રમાણે કોમ્પ્યુટર પર એક વ્યસનીની જેમ બેઠા હોઈએ ત્યાં જ આપણા પાડોશી 'નમસ્તે' કે 'ગુડ મોર્નિંગ' કહેતા રવિવાર હોઈને થોડીવાર માટે મળવા આવે તે સાથે જ આપણે 'ઓહ... શીટ સવાર સવારમાં આ લપ ક્યાં આવી' જેવી પ્રતિક્રિયા આપીએ છીએ.

આ એજ પાડોશી હોય છે જેણે આપત્તિના સમયે આપણા માટે ઈમરજન્સી કે ફાયર બ્રિગેડ વાન બોલાવી હોય, સારા-નરસાં પ્રસંગે તેમનું ઘર આપણા માટે ખુલ્લું મુકી દીધું હોય છે. જે પાડોશી કે સામાજિક જીવન માટે પશ્ચિમ સમાજ ઝુરે છે તે સમાજ આપણને 'ન્યુસન્સ' કે લપ લાગે છે! આ એક દંભ કે સ્વાર્થી વૃત્તિ જ કહી શકાય.

'ફેસબુક'માં ભલે ૫૦૦-૧૦૦૦ મિત્રોનું વર્તુળ હોય પણ પાડોશી કે કુટુંબના કોઈ સભ્ય મળવા આવે ત્યારે હોંશ બતાવવું તે તો દૂરની વાત છે પણ 'આ ક્યાં આવી ચડ્યાનો' જે અણગમો છે તે ભાવિ મનોસમાજની રીતે ખતરાની ઘંટડી કહી શકાય.

ઘણાં કિસ્સાઓમાં તો આપણે જેમને રૂબરૂ મળ્યા જ નથી તેવા 'ફેસબુક' મિત્રો જોડે ઓનલાઈન દસેક મિનિટ વાતચીત-ચેટ થાય છે અને જે પરિચિત છે, તસ્દી લઈને મળવા આવે છે, નજર સામે છે તેની ભારોભાર અવગણના થતી હોય છે! જાણતાને મળવાની ફુરસદ નથી ને અજાણ્યાને મળવાની તાલાવેલી....

'ફેસબુક' ના મિત્રોને હાય, હેલ્લો કે ત્વરિત પ્રત્યુત્તર આપીએ પણ લીફ્ટમાં ચાર પાડોશીઓ જાણે ડબામાં ઘેટાં પુર્યા હોય તેમ એકબીજા સામે નજર મિલાવ્યા સિવાય મોં ફુલેલા રાખીને ઊભા રહીએ! બીજા અર્થમાં જ્યાં ફેસ નથી બતાવવાનો ત્યાં ફેસબુકનો સહારો લઈએ છીએ. એ એક હકીકત છે.

આઘાતની વાત એ છે કે, આ ચારેય 'ફેસબુક' મિત્રો હોઈ શકે! 'ફેસબુક' પર હેલો... હાય... ચેટ થતા હશે. એક મિત્રએ તેનો અનુભવ જણાવતા વેદના વ્યક્ત કરી કે છેલ્લા કેટલાક વર્ષોથી 'ફેસબુક', એસએમએસ કે ઈ-મેલથી નવા વર્ષની શુભેચ્છા પાઠવતા તેના ઘણાં સગા-સ્નેહીઓ જ્યારે ગામ આવે, નજીકના એરિયામાં જ ઉતર્યા હોય તો પણ રૂબરૂ મળવા આવવાની તસ્દી લેતા નથી. આ જ સ્નેહીને 'ફેસબુક' પરની પંચાતમાં કોઈ નહીં પહોંચે.

'ફેસબુક'ના સેંકડો મિત્રો ધરાવનારાઓને આંગળીના વેઢે ગણાવાય તેટલા ખરા મિત્રો છે ખરા? 'ફેસબુક' ના વર્ચ્યુલ સંબંધોના સરવાળા અને ગુણાકાર અને માનવીય જીવંત સંબંધોના ભાગાકાર થતા જાય છે. 'ફેસબુક' પરના મિત્રોનો ભલે ગુણાકાર કરતા જાવ પણ નજર સામેની જીવંત વ્યક્તિઓ પરત્વેની લાગણીઓનો ભાગાકાર ના થવો જોઈએ.

લાગણીઓનો આ જ ભાગાકાર, આપણને દિલ્હીની 'દામિની' અથવા 'નિર્ભયા' જ્યારે રોડ પર નિર્વસ્ત્ર કલાક વાર પડી હોય છે ત્યારે એને મદદ કરવા રોકે છે.

આજના ઈન્ટરનેટ યુગમાં ઘરે ઘરે હવે સોશ્યલ નેટવર્કિંગ સાઈટની ચર્ચાઓ જોવા મળે છે. તેમાં પણ ફેસબુક પર એકાઉન્ટ બનાવી તેના પર વિગતોની આપ-લે કરવી એક સ્ટેટસ ગણવામાં આવી રહ્યું છે. મિત્રોને જાણ્યા વગર મિત્રો બનાવવાની હોડ લાગી છે.

સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ ફેસબુક યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય છે. એમાંય ફેસબુક તો યુવાનો માટે મોબાઈલ ફોન બાદ જીવનનું અંગ બની ગયું છે. 'ફેસબુક' પર દિવસમાં એક-બે વાર લટાર ન મારે તો મોટાભાગના યુવાનોને ચેન પડતું નથી.

'વેલકમ ટુ ધ વર્લ્ડ ઓફ એફબી વેડીંગ : રિલેશનશિપ સ્ટેટસ 'સિંગલ' માંથી 'મેરીડ' કરો. કપલ ફોટો કવર વિક તરીકે રાખો. પ્રોફાઈલ પિકમાં ગણપતિને સાથીયો રાખો. સ્ટેટસ પર 'આઈ હૈ બારાત ડોલી લે કે જાયેગી' નો યુ-ટ્યુબ વિડિયોની લિંક શેર કરો. મિષ્ટાનની થાળીનો ફોટો 'અપલોડ' કરો ને ફ્રેન્ડ્સ અને રિલેટિવ્ઝને 'ટેગ' કરો. રાતના બે હાર્ટ અને દૂધના ગ્લાસનો ફોટો વોલ પર મૂકી. પ્રાઈવસી સેટીંગ ઓન કરો!' વગેરે વગેરે...

એક છોકરાઓ ફેસબુક પર સ્ટેટસ મૂક્યું. 'લેક્ચર બહુ બોરિંગ છે. હાહાહા! નીચે ટીચરની કોમેન્ટ આવીઃ' 'ગેટ આઉટ ફ્રોમ ક્લાસ!' એ કોમેન્ટને પ્રિન્સીપાલે લાઈક કરી. ત્યાં છોકરાના ફ્રેન્ડની કોમેન્ટ ટપકી 'જલદી કેન્ટીન મેં આ જા, માહોલ મસ્ત ગરમ હૈ!' નીચે જ મમ્મીની કોમેન્ટ થઈ : 'નાલાયક, ક્લાસ ભરવો ના હોય તો શાક લઈને ઘરે આવ,' એની નીચે પપ્પાએ લખ્યું 'જો તારા લાડલાના પરાક્રમ' બહેને પપ્પાની કોમેન્ટ લાઈક કરી. ગર્લફ્રેન્ડે કોમેન્ટ કરી, 'જૂઠા, મને કહ્યું કે દાદી હોસ્પિટલમાં છે, એટલે નહીં મળું!' નીચે દાદીએ લખ્યું 'મનહૂસ ઘેર આવ. એટલે તારી વાત છે, શું હું હોસ્પિટલમાં છું?'

એક વન લાઈનર છે : ફેસબુક અને જેલ વચ્ચે સામ્ય છે? જવાબ : બન્નેમાં લોકો કલાકો સુધી કશું કર્યા વિના બેઠા રહે છે. એકબીજાને 'પોક' (આંગળી ખેંચવી) કરે છે, અને 'વોલ' પર લખ્યા કરે છે!

બીજી વન લાઈનર છે : 'મેરે પાસ ફેસબુક હૈ ટ્વિટર હૈ, બ્લોગ હૈ, લિંકડીન હૈ... તુમ્હારે પાસ ક્યા હૈ?' બીજા માણસે જવાબ આપ્યો, 'મેરે પાસ કામ હૈ!'

ફેસબુક, ટ્વિટર અને બીજી સોશિયલ નેટવર્કીંગ સાઈટ્સ કદાચ જરૂરિયાતનો એક ભાગ હોય તો પણ એના ઉપયોગના પ્રમાણમાં ભાન રાખવું બહુ જરૂરી છે.

યુવા પેઢી ફેસબુક સાથે એટલી બધી જોડાઈ ગઈ છે કે સમયનું ભાન રાખ્યા વગર, ભણવાની ચિંતા કર્યા વગર ફેસબુક સાથે જોડાયેલા રહે છે. ફેસબુક એક નશાની જેમ એમના ઉપર

છવાયેલી રહે છે. ચેટરૂમ કે ફેસબુક પર મળેલા લોકો દરેક વખતે સાચા અને સારા જ હોય એવું જરૂરી નથી. એના વર્ચ્યુઅલ સત્યોમાં અટવાઈને જિંદગી બરબાદ કરી નાખનારાઓની સંખ્યા પણ ઓછી નથી. તેમ ઘણાં જ્ઞાન-વિજ્ઞાનની ઉપયોગી વાતો લઈ આગળ વધે છે તે પણ નોંધનીય છે.

અંતમાં, સોશ્યલ નેટવર્કથી આખી દુનિયાને કનેક્ટ કરતા માર્ક ઝકરબર્ગને સો-સો સલામ. ગપ્પાગોષ્ઠીના ઈન્ટરનેટ ઓટલાને લગભગ એકાદ અબજ જેટલા યાને દુનિયાની કુલ વસતિનો સાતમો ભાગ જેના મેમ્બર છે, એવી સરહદ વિનાની, મહાસત્તાના સર્વેસર્વા માર્ક ઝકરબર્ગને યાદ કર્યા વગર આ લેખ પુરો ના થઈ શકે. માર્ક જરા એકાંતપ્રિય, ઓછાબોલો અને ફ્રેન્ડલી પબ્લિક કોમ્યુનિકેશનથી દૂર ભાગનારો છે. એટલે તો કદાચ એ એની સાઈટ માટેનું 'તપ' કરી શકે છે. ટિપિકલ, લાઉડ, વાયબ્રન્ટ, છેલબટાઉ, વાચાળ ન હોવા છતાં પોતે જ પેદા કરેલા ફેસબુક પર પોતાના હાર્ટનું કનેક્શન કરે છે.

એફબીના જોરે અફેર કરી લાઈન મારતો નથી. ખામોશીથી કોલેજની સ્વીટ હાર્ટ સાથે નવ-નવ વરસ કમિટમેન્ટ નિભાવે છે. ના કોઈ ચબરાકિયા શબ્દો, ના કોઈ ઓનલાઈન પબ્લિસિટી!

કોઈ પૈસાનો વલ્ગર દેખાડો કરતા અભિમાની લગ્ન સમારંભોનો ઠાઠમાઠ! યસ લવ ઈઝ સ્પેશીયલ બટ સિમ્પલ ફીલીંગ, પ્રેમથી દુનિયા મુઠ્ઠીમાં નથી આવતી પણ મુઠ્ઠીઓ વાળીને દુનિયા સાથે બાખડવું સાર્થક લાગે છે.

ગોડ બ્લેસ યુ માર્ક એન્ડ પ્રિસિલ! યુ હેવ પ્રુવ ધેટ લવ ઈઝ મોર એડિક્ટિવ ધેન ફેસબુક! ફેસબુકને લફરાંસદન ગણનારાઓને આ લેખ અર્પણ!


''મહાવીર''-માટુંગા ''મહાવીર''-માટુંગા ''મહાવીર''-માટુંગા

**એમ્બ્રોઈડરીનો નવો સ્ટૉક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશમ-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ, ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.**

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા
ફોન : 2402 5070 / 6504 6030
મો. 086522 39537
website : www.mahavirembroidery.in
(રવિવારે બંધ)

તા.ક. સાડી લાઈનના અનુભવી સેલ્સમેન જોઈએ છે સારો પગાર મળશે.

''મહાવીર''-માટુંગા ''મહાવીર''-માટુંગા ''મહાવીર''-માટુંગા



શ્રી સચ્ચાઈ માતાય નમઃ શ્રી ભલારાદાદાય નમઃ શ્રી સુરાપુરાડાડાય નમઃ

# સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન

## મોટીખાવડી, નાની ખાવડી, દલતુંગી, ગોરખડી

## મોટીખાવડી મુકામે નમતા લોડાયા પરિવારના સર્વે ભાવિકોને જય જિનેન્દ્ર-જય માતાજી

આનંદ સાથે જણાવવાનું કે શ્રી મોટીખાવડી ગામમાં બિરાજમાન લોડાયા પરિવારનાં દેવસ્થાન શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારાદાદા, શ્રી સુરાપુરાડાડાની ધજા ચૈત્ર સુદ ૧૩ને **મંગળવાર** તા. **૨૩.૪.૨૦૧૩**ના ગંધી બદલાવવાની વિધી તેમજ સાંજના ભલારાદાદાનો પાઠ રાખેલ છે. સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ. કમીટી મેમ્બર પાસે ફાળો લખાવવા વિનંતી, મંદિરની સેવા પુજા માટે એક મહિનાનો નકરો રૂા. ૧૧૦૦/- ધુપ-દિવેલ ખર્ચનો રાખેલ છે. જે પણ ભાવિકની ઈચ્છા હોય તે કમીટી મેમ્બર પાસે પોતાના નામ લખાવી શકે છે. સર્વે ચડાવા મંગળવાર, તા. **૨૩.૪.૨૦૧૩** ના **સવારે ૯** કલાકે સ્થાનિક મંદિરમાં બોલવામાં આવશે. જેની સર્વે ભાવિકો નોંધ લેશોજી. સર્વે ભાવિકોને

**શ્રી સુસભ લોડાયા પરિવારના**

જય જિનેન્દ્ર- જય માતાજી

GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE

# કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘ

અને

# જેજેસી રોયલ જગડુશા

આયોજિત

## જેજેસી - સેન્ટ્રલ બોર્ડ અને

## જેજેસી - સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

દ્વારા પ્રેરિત

# ‘મહાયજ્ઞ રક્તદાન શિબિર’

**રવિવાર, તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૩ સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦**

**સ્થળ : અનંત છાયા બિલ્ડીંગ, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ)**






પ્રિય સભ્ય સ્વજન,

જેજેસી સેન્ટ્રલ બોર્ડ દ્વારા ભારતભરમાં સ્થિત ૧૫૩ સેન્ટર દ્વારા ‘રક્તદાન શિબિર’નું મેગા આયોજન નક્કી થયેલ છે. દરેક સેન્ટર દ્વારા ઉત્સાહભેર પોતપોતાના વિસ્તારમાં આ ભગીરથ સમાજોપયોગી પ્રોજેક્ટને સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. ઈશ્વરે આપણને આપેલ મહામૂલ્યવાન ઘટક એટલે કે ‘લોહી’... ‘રક્ત’નું દાન કરીને આપણે પણ પુણ્યનું ભાથુ ગાંઠે બાધી લઈએ એ અવસર આપણા આંગણે આવ્યો છે.

આ મહાયજ્ઞમાં આપણું સંઘ પણ સહભાગી થઈ રહ્યું છે.

આપણો ધર્મ પણ આપણને એ સમજણ આપે છે કે મોક્ષનો માર્ગ માત્ર દાનમાર્ગે જ પ્રાપ્ત થાય છે. ઉત્તમ પરિવાર અને પવિત્ર જૈન ખોળિયામાં જન્મ મેળવીને આપણે નસીબવાન બન્યાં છીએ અને આપણા નસીબને વધુ ઉજાળવા કાજે આપણે શ્રેષ્ઠત્તમ એવુ ‘રક્તદાન’ કરીને જૈન ધર્મને સાર્થક કરીએ.

અન્નદાન, ધનદાન કરતાં પણ ચઢિયાતું એવું રક્તદાન કોઈને નવજીવન આપીને એ વ્યક્તિના તથા એના પરિવારજનોના આર્શીવાદ કે દુવાઓ અપાવે છે. કોઈ જરૂરતમંદના આશીર્વાદની મૂડી આપણને વિપરિત સમયે સંજીવની પૂરવાનું કામ કરી જાય છે.

આ ‘‘**મહાયજ્ઞ રક્તદાન શિબિર**‘‘ અભિયાનમાં આપણા સંઘના સભ્યો પણ સ્વયં રક્તદાન કરીને અને પોતાના મિત્રો, સ્નેહી-સ્વજનો તથા અન્ય સહુ કોઈને રક્તદાન કરવા પ્રેરિત કરીને આ મહાયજ્ઞમાં જોડાઈને પુણ્યનું ભાથુ ગાંઠે બાંધશે એવો અમને દ્રઢ વિશ્વાસ છે.

આપણા સંઘના સભ્યોએ આજ સુધી હંમેશા દરેક સામાજિક પ્રવૃત્તિને ઉદાર દિલે સહકાર આપ્યો છે. તો, આ રક્તદાન શિબિરમાં પણ ઉત્સાહભેર જોડાઈને પોતાની પવિત્ર ફરજ નિભાવીને આપણા સંઘને એક વધુ યશકલગી અપાવે એવી નમ્ર અપીલ!

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી કિરીટ કે. ફુરવા-9320888019 • શ્રી શૈલેષ આર. શાહ-9820069724**
**શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ દેઢિયા-9821070219 • શ્રી મનીષ દિનેશ વોરા-9820144859**

GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE • GIVE BLOOD SAVE LIFE

જય જય શ્રી મોમઈ માતા

## શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ, વરાડીયા (મુંબઈ)

આયોજિત કુળદેવી શ્રી મોમાઈ માતાજીની
મુંબઈમાં સળંગ ૨૧મી પહેડી

**શુભ દિવસ**

**રવિવાર તા. ૧૭-૨-૨૦૧૩ સવારે ૮.૪૫ કલાકેથી**

**શુભ સ્થળ**

**શેઠ શ્રી નરશી નાથા બેંકવેટ હૉલ, અનંત સિદ્ધિ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (પ.), મુંબઈ-૪૦૦ ૦૭૮.**

### નેહ નિતરતું નિમંત્રણ

કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા વરાડીયા ઉપરાંત સમગ્ર કચ્છ પ્રદેશ (તેરા, નલીયા, સુથરી, ગોએરસમા) નિવાસી ડાઘા કુળના ભાવિકોને સહપરિવાર તથા તેમની પરિણિત નિયાણીબેનોને સજોડે પધારી સ્થાપના-જુહાર, ભક્તિ-ભાવના, નૈવેદ્ય-આરતી તથા પહેડી પ્રસાદ માટે સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લિ.

**મા. કસ્તુરબેન દામજી વેલજી ડાઘા પરિવાર**
**હ. અશોકભાઈ (કોઈમ્બતુર)**
**મા. ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર**
**હ. હિરાલાલાભાઈ (માટુંગા-મુંબઈ)**

વિનંતી :
કૃપા કરી પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન નહીં કરશો.
(સંપર્ક સેતુ : 8976017830, 9820438639)

---

જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ
## વાર્ષિકોત્સવ-સ્નેહમિલન

**શુભ દિવસ**

**રવિવાર, તા. ૧૭.૨.૨૦૧૩, બપોરે ૩.૦૦ કલાકેથી**

**શુભ સ્થળ**

**શેઠ શ્રી નરશી નાથા બેંકવેટ હૉલ, અનંત સિદ્ધિ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (પ.), મુંબઈ-૪૦૦ ૦૭૮.**

: કાર્યક્રમ :
સ્વાગત, દીપ પ્રજ્વલન, પખવાજ, પ્રાચીન ભક્તિગીતો, ઈનામી વિવિધ રમતો, હાઉઝી રમત વગેરે

### આત્મીય આમંત્રણ

મહિલા મંચના વરાડીયા નિવાસી સભ્યોને સહપરિવાર તથા નિયાણી બહેનો સભ્યોને સજોડે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. તથા આ સર્વે બહેનોને રૂા. ૨૫૦/- ભરી વર્ષ ૨૦૧૩-૧૪નું સભ્યપદ રીન્યુ કરવા/નવા સભ્યો થવા વિનંતી છે. સભ્યપદ ફી ભરનાર દરેક બહેનને ટપરવેરની આકર્ષક રીટર્ન ગીફટ આપવામાં આવશે. કાર્યક્રમ બાદ પ્રીતિ ભોજનનો લાભ આપશોજી. ચોવિહારની સુગમતા છે.

**શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ**
**કમીટી મેમ્બર-સંપર્ક સેતુ**

આશાબેન-૯૫૯૪૮૭૧૮૯૮ ● લીલાવંતીબેન-૨૬૮૩૯૪૬૨
ચિત્રાબેન-૯૮૧૯૦૮૯૫૩૯ ● પ્રિયાબેન-૭૪૯૮૪૪૨૦૨૦
લીનાબેન-૯૩૨૧૬૯૧૦૧૮ ● શીલાબેન-૯૯૨૦૮૦૩૫૮૭

---

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

# Shree Sai Estate Consultant

## શ્રી શાંતિનાથ નગર
### સાંધવ



કચ્છની ધીંગી ધરા, અબડાસા તાલુકાના સાંધવગામમાં આકાર લઈ રહેલું... "**શ્રી શાંતિનાથ નગર**"સાંધવ-ભાચુંડા રોડ (સાંધવ-કચ્છ) સર્વે નં. ૧૪૯. સાંધવગામે શાંતિનાથ દાદાના બેસણાં અને શ્રી વાછરાદાદા અને લાલછતા પીરની પાવન ધરતી પર ૨૦૦ ચો.વારના મર્યાદિત પ્લોટ વ્યાજબી દરે મેળવો. કચ્છમાં વધતા જતા વિકાસમાં જમીન રોકાણમાં આપને સારું વળતર કમાવવાની ઉત્તમ તક...

-: સંપર્ક :-

હેમંત મોતા-લોનાવલા: 9370710891/9975360101
વિરચંદ પટેલ-ગાંધીધામ : 09909005201
પરેશ માણેકજી દંડ-ડોંબિવલી-98678291442
પેમેન્ટ સુવિધા : બુકીંગ સમયે અડધું અને બાકીનું પેમેન્ટ દસ્તાવેજ સમયે આપવાનું રહેશે.

પ્રારંભિક ઓફર : રૂા. ૧૧૦૦/- પ્રતિ ચો. વારના ભાવે પ્લોટો મળશે.
(વહેલો તે પહેલોના ધોરણે બુકીંગ)

"જય કચ્છ"

।। જય ગૌભક્ત શ્રી શંભુ મહારાજ ।।

"જીયો કચ્છી"

જય શ્રી છત્રપતિ શિવાજી   જય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ   જય શ્રી નેતાજી સુભાષચન્દ્ર બોસ   જય શ્રી લાલબહાદુર શાસ્ત્રી

# "હવે ફરી વસાવો આપણો આબાદ કચ્છ"
# "મુંદ્રા પોર્ટના વિકસતા દ્વાર વિશ્વની નજરમાં..."

જ્યાં છે વિશ્વની નજર–ઉદ્યોગપતિઓની હાજરી–નર્મદા મૈયાની પધરામણી–વિકાસની વણથંભી વણઝાર, હરીયાળી ક્રાંતિની લહેર, શ્વેત ક્રાંતિની (દુધ, દહીં, ઘી)ની રેલમછેલ, આયાત–નિકાસ ક્ષેત્રે વિશાળ બંદરગાહો માટે કુદરતી સમુદ્રી તટ, ઉર્જા, વિજળી ક્ષેત્રે વિશ્વસ્તરે નં.૧, આંતરરાષ્ટ્રીય બંદર સુવિધા, શિક્ષણક્ષેત્રે તમામ સુવિધાઓ મરીન યુનિવર્સિટીઓની સ્થાપના.

મેડીકલ આરોગ્ય ક્ષેત્રે તેમજ ઊર્જા વિજ, ક્ષેત્રે સ્તરે નં.૧, દિવસ રાત ઈન્ડસ્ટ્રીઓથી ધમધમતું માદરે વતન કચ્છ, વિશાળ મહાકાય રસ્તા (ફ્લાય ઓવરો સાથે), સીમેન્ટ ઉત્પાદન ક્ષેત્રે સૌર્ય ઉર્જા તેમજ પર્યાવરણ ક્ષેત્રે આગળ પડતું છે કચ્છ, શિક્ષણ તેમજ હોટલ વ્યવસાયથી ધમધમતું ક્ષેત્ર જ્યાં દરરોજ હજારો પરિવારોની પુનઃ પધરામણી.

## "વિકાસની સોનેરી ઘડી રૂબરૂ નિહાળો"

રણ ઉત્સવ–કાર્નિવલ–પતંગ ઉત્સવો તેમજ વિવિધ કચ્છી કલા પ્રદર્શનો અને કાર્યક્રમોથી સભર, સ્થિર અને દિર્ઘદ્રષ્ટા સરકારશ્રી, જાહેર સુલેહ શાંતિ, રોજગાર આજીવીકા માટે સાથે વિશાળ ખુલ્લી જગ્યાઓ, સ્વપ્નમાં નહોતું વિચાર્યું એવું યાત્રિકો–પર્યટકોથી ધમધમતું આપણું કચ્છ, ઉદ્યોગો, વિકાસ. ટ્રાવેલ્સ ક્ષેત્રે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે અનેરી ઉજ્જવળ તકો. અહીં આપના પરિવાર તેમજ બાળકોનું જીવન બનાવો સુખી, સલામત અને સમૃધ્ધ છે.

છેલ્લા અગ્યાર વર્ષથી રીઝતા મેઘરાજાની મહેર, તમામ ફળ–ફળાદિ, અનાજની મોટા પાયે ખેતી પશુપાલન–ડેરી અને વેપાર ઉદ્યોગની ઊભી થયેલ ઉજળી તકો, આવો, ખુલ્લી હવા ઊજાસ, આરોગ્યલક્ષી વતન કચ્છને પુનઃ બનાવીએ આપણી કર્મભુમી સાથે છે. કુદરની મહેર, વિશાળ જમીનની ઉપલબ્ધતા, શાંતિ–સહકાર અને કાનુન વ્યવસ્થા સાથે પ્રગતિશીલ કચ્છનું વાતાવરણ...

સહકાર માટે લંબાવો આપનો હાથ...
આપને મળશે સદાય અમારો સાથ...

## લબ્ધિકુમાર ભવાનજી મોમાયા–98253 51001

## શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ

Office : Shop No. 4, Plot No. 50, Sai Lilashah Complex, Ward 12/C, Lilashah Nagar, Gandhidham, (Kutch)-370201. E-mail : dadabhalara@yahoo.in.

ક્યાં પણ વસો પણ કચ્છ જેવું કોઈ નહીં.

|| શ્રી અનંતનાથાય નમઃ ||                || શ્રી નેમિનાથાય નમઃ ||                || શ્રી સુમતિનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન – મોટી સિંધોડી

## સ્નેહ મિલન-૨૦૧૩

સંસ્થાના ઉપક્રમે અને પ્રમુખશ્રી હરીશભાઈ મોમાયાના અધ્યક્ષ પદે તથા હૈદરાબાદ નિવાસી શેઠશ્રી કાંતીલાલભાઈ વાલજીભાઈ નાગડા અને શ્રી મુકેશભાઈ ભવાનજી લોડાયાના અતિથિ વિશેષ પદે તા. ૧૩.૧.૨૦૧૩ ના ભાંડૂપ અનંતસિદ્ધિ મધ્યે સ્નેહ મિલનનું આયોજન થયેલ.

સાધ્વીશ્રી પ.પૂ. સુશીલગુણાશ્રીજી મ.સા. તથા સાધ્વીશ્રી પ.પૂ. તીર્થગુણાશ્રીજી મ. સાહેબે માંગલિક ફરમાવ્યું તથા સર્વ સાધારણ ફંડ માટે કરેલી પ્રેરણાને ગામવાસીઓએ સુંદર રીતે ઝીલી લીધી.

મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને શ્રી પ્રગતિ મહિલા મંડળની બહેનો દ્વારા નવકાર મહામંત્રના પઠન બાદ શ્રી હરીશભાઈ મોમાયાએ આવકાર પ્રવચન આપ્યું. નવ-નિર્મિતસંકુલ તથા ટ્રસ્ટનો અહેવાલ ટ્રસ્ટીશ્રી ચિમનભાઈ લોડાયા તથા મહાજનશ્રીનો અહેવાલ ખજાનચી શ્રી મુલચંદભાઈ મૈશેરીએ આપ્યો.

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી વિજયભાઈ હીરાચંદ મોમાયા, ટ્રસ્ટી શ્રીમતી રાજેશ્રીબેન વિજય મોમાયા તથા પૂર્વ-ટ્રસ્ટીશ્રી પદમશીભાઈ માલશી મોમાયાની સુદીર્ઘ સેવાઓને શ્રી મુકેશભાઈ લોડાયાએ પોતાની આગવી શૈલીમાં બિરદાવી. પૂર્વ પ્રમુખશ્રી પ્રવિણચંદ્ર દામજી મોમાયા, પૂર્વ ટ્રસ્ટીશ્રી ધનજીભાઈ વિસનજી લોડાયા તથા સમારંભનાં અતિથિ વિશેષ શ્રી કાંતીલાલભાઈ નાગડાની સુંદર સેવાઓની ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ મૈશેરીએ વિશિષ્ટ શૈલીમાં અનુમોદના કરી. બધા જ મહાનુભાવોનું હાર-શાલ સાથે અભિવાદન કરવામાં આવ્યું.

મહાજન વાડી ના મુખ્ય દાતા તરીકે શ્રી હીરાચંદ ભવાનજી મોમાયા પરિવાર તરફથી રૂા. ૨,૫૦,૦૦૦/- જાહેર કરવામાં આવ્યા. વિશેષમાં, માતુશ્રી તારાબેન માણેકજી મોતા (રાપરગઢ) પરિવારના શ્રી કલ્પેશભાઈ મોતાએ ૧૪ સ્વપ્નો શ્રી સંઘને અર્પણ કર્યા. સંઘના પરમમિત્ર અને B.M. P.P. પરિવારના ઉપ-પ્રમુખશ્રી સોમચંદભાઈ લોડાયા-અરિખાણા, મુલુન્ડ (ઈસ્ટ) ની ઉષ્મા સભર ઉપસ્થિતી રહી. સમારંભની તારીખ ૧૩.૦૧.૨૦૧૩ હોવાથી તેમના તરફથી રૂા. ૧૩,૧૧૩/- નો યોગદાન શ્રી સંઘને મળેલ શ્રી સંઘ એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

શ્રી પ્રગતિ મહિલા મંડળ – મોટી સિંધોડીના અધ્યક્ષા શ્રીમતી જ્યોત્સનાબેન લહેરચંદભાઈ મૈશેરી તથા શ્રી નેમ યુથ ફોરમના પ્રમુખશ્રી વિશાલભાઈ શાહે પ્રસંગોચિત બે શબ્દો કહેલ. કુ. દીયા વિરાજ મોમાયા તથા કુ. સિધ્ધી લહેરચંદભાઈ મૈશેરીએ સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યું.

શ્રી ક.દ.ઓ જૈન મહાજન-મુંબઈના યુવા પ્રમુખ તથા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નયનભાઈ ભેદા, ટ્રસ્ટી તથા સેક્રેટરી શ્રી ચેતનભાઈ મોતા, ટ્રસ્ટી તથા ખજાનચી શ્રી રાજેશભાઈ છેડા, ટ્રસ્ટી તેમજ કારોબારી સભ્ય શ્રીમતી તેજલબેન રાજેશ લોડાયા (દોસ્તી ગ્રુપ), સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા, મહેંદી ક્વીન વિણાબેન નાગડા, અમદાવાદથી શ્રી દિનેશભાઈ મૈશેરી, સુરત થી શ્રી કિરણભાઈ મૈશેરી, પ્રકાશ સમીક્ષાના સહતંત્રી શ્રી ચંપકભાઈ જીવાણી, સંઘ હિતેચ્છુ શ્રી ભરતભાઈ વિકમશી, શ્રી મહેન્દ્રભાઈ મોતા, શ્રી રતિલાલભાઈ મોમાયા વગેરે મહાનુભવોની ઉપસ્થિતિએ સમારંભને ચાર ચાંદ લગાવ્યા.

વર્તમાન ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી કમિટિની મુદત પૂરી થઈ રહી છે ત્યારે નવા કર્ણધાર તરીકે શ્રી મુકેશભાઈ લોડાયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી. Standing Ovation તથા હાર-શાલ સાથે એ વરણીને તાલીઓના હર્ષનાદ સાથે વધાવી લેવામાં આવી. નવા મેનેજીંગ ટ્રસ્ટી તરીકે શ્રી તિલકભાઈ લોડાયા ની વરણી કરવામાં આવી.

સમારંભના સારથી તરીકેની ભૂમિકા ગામના નિયાણી બહેન શ્રીમતી ચેતનાબેન કીર્તિભાઈ હરીઆ (શેરડી) એ બેખૂબી રીતે નિભાવી. તથા વિવિધ ચડાવા લેવામાં 'શ્રી ચેતન-સર' મૈશેરી સુંદર રીતે મદદરૂપ રહ્યા. શિક્ષણ તથા વૈદ્યકિય સહાય યોજનાની જાહેરાત મહાજન તરફથી કરવામાં આવી. તેના પ્રત્યુત્તર રૂપે મેડીકલ સહાય માટે શ્રી નરપાર મેઘરાજ લોડાયા પરિવાર તરફથી રૂા. ૭૫,૦૦૦/- જાહેર કરવામાં આવ્યા. શૈક્ષણિક ઈનામો અ.સૌ. સ્વ. ભારતીબેન રમેશચંદ્ર મૈશેરી પરિવાર તરફથી આપવામાં આવ્યા. તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના તથા બહુમાન મહાજનશ્રી દ્વારા કરવામાં આવ્યું.

કાઉન્ટરની વ્યવસ્થા શ્રી યુથ ફોરમના સભ્યો શ્રી નરેશ મૈશેરી, શ્રી વિજય મૈશેરી, કુ. પુજા લોડાયા, શ્રીમતી મિરા શાહ, કુ. એકતા શાહ, શ્રીમતી દર્શના શાહ, કુ. આરજુ લોડાયા એ સરસ રીતે નિભાવી.

ચક્ષુદાન તથા દેહદાનની વિશેષ જાગૃતિ અભિયાન માનવજ્યોત - શ્રી કુલીનભાઈ લુઠીયા ના સહયોગથી કરવામાં આવ્યું.

ગઢવી સમાજના અગ્રણી શ્રી અશોકભાઈ, શ્રી હિંમતભાઈ, શ્રી વિશ્રામભાઈ તથા ગામના ગોરાણીમા સાકરબાઈની હાજરી સરાહનીય રહી. કોચીનથી શ્રી રાયચંદભાઈ લખમશી મૈશેરી, મોટી સિંધોડીથી શ્રી લહેરચંદભાઈ મૈશેરી તથા શ્રી હિરાલાલ મહારાજના શુભ સંદેશા મળેલ.

આભાર વિધી શ્રી તિલકભાઈ લોડાયાએ કરી. ત્યારપછી રાસ ગરબાની રમઝટ જમાવી. ફાઈવ સ્ટાર કેટરર્સના સ્વાદિષ્ટ ભોજનને સૌએ ન્યાય આપી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી.

*આભાર !*

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન – મોટી સિંધોડી

## સ્વામી વાત્સલ્ય – ૨૦૧૩ ના દાતા પરિવાર રૂા. ૧૧,૧૧૧/- દરેકના

- માતુશ્રી કાંતાબેન કાંતીલાલ નાગડા પરિવાર (હૈદરાબાદ)
- શેઠશ્રી લહેરચંદ નરશી મૈશેરી
- શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા પરિવાર
- શેઠશ્રી હીરાચંદ ભવાનજી મોમાયા હ. ચિરાગ વિજય મોમાયા
- માતુશ્રી રતનબાઈ દામજી મોમાયા પરિવાર
- માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા પરિવાર

## દેરાસર તથા અન્ય નિભાવ ખર્ચ માટે સર્વ સાધારણ નકરા રૂા. ૫,૫૫૫/- દરેકના (વર્ષ-૨૦૧૩)

(જાન્યુઆરી): માતુશ્રી હીરબાઈ નરશી મૈશેરી હ. ધનપતિભાઈ • શેઠશ્રી પ્રેમચંદ લધુભાઈ લોડાયા હ. કેતન લોડાયા (ફેબ્રુઆરી): માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા (માર્ચ) : સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા હ. ચીમનભાઈ • અ.સૌ. વિજયાબેન મુલચંદ મોતા • અ.સૌ. દર્શના વિશાલ શાહ હ. વિશાલભાઈ (એપ્રીલ): માતુશ્રી રતનબાઈ દામજી મોમાયા • અ.સૌ. નયનાબેન અજય દંડ, અ.સૌ. ભારતીબેન રમેશ મોતા, અ.સૌ. જાગૃતી હરેશ જીવાણી હસ્તે. અ.સૌ. નયનાબેન (મે) : શેઠશ્રી લહેરચંદ નરશી મૈશેરી (જુન): શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા • માતુશ્રી જેતબાઈ ખીમજી મોમાયા હ. વીણાબેન નાગડા અને વિરચંદ મોમાયા (જુલાઈ) : માતુશ્રી પુરબાઈ ઊમરશી મૈશેરી હ. મુલચંદભાઈ • સ્વ. કુ. ભાવના પ્રવીણચંદ્ર મોમાયા હ. હરીશભાઈ (ઑગષ્ટ): શેઠશ્રી રતનશી આણંદજી મૈશેરી • શેઠશ્રી નારાણજી નરશી મૈશેરી (સપ્ટેમ્બર) : શેઠશ્રી મુરજી નરપાર મૈશેરી • માતુશ્રી ખમ્માબાઈ લખમશી મૈશેરી હ. દિનેશભાઈ • માતુશ્રી વેલબાઇ લધુભાઈ લોડાયા હ. ધનલક્ષ્મીબેન પુનશી લોડાયા • માતુશ્રી મુરબાઈ કેશવજી જેઠાભાઈ મોતા હ. અ.સૌ. ધનલક્ષ્મીબેન કિશોર મોતા (ઑક્ટોબર) : શેઠશ્રી કુંવરજી ખીંયરાજ મૈશેરી પરિવાર • માતુશ્રી પ્રેમાબાઈ માલશી આણંદજી મૈશેરી હ. હાર્દિક દેવશી મૈશેરી (નવેમ્બર) : શેઠશ્રી માણેકજી લધુભાઈ લોડાયા હ. ચેતનાબેન હરિયા • ચેતનાબેન હરિયા /ભાવનાબેન પોલડીયા /મીરાબેન ધરમશી (ડીસેમ્બર) : માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી • શેઠશ્રી અનીલ કાંતીલાલ નાગડા હૈદરાબાદ • શેઠશ્રી રતીલાલ દામજી મોમાયા હ. રાજેશભાઈ • શેઠશ્રી અનીલભાઈ/ શેઠશ્રી પ્રકાશભાઈ/ શેઠશ્રી દીપકભાઈ હ. કાંતીલાલ નાગડા • અ.સૌ. લતાબેન અનીલ નાગડા હ. કાંતીલાલ નાગડા

## અઢાર અભિષેક રૂા. ૧૧૧૧

• સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા • માતુશ્રી મંજુલાબેન ત્રીકમજી મૈશેરી • માતુશ્રી કસ્તુરીબેન વેલજી શીવશી મૈશેરી • અ.સૌ. જસ્મીનાબેન હરીશ મોમાયા • માતુશ્રી લક્ષ્મીબેન નરશી મૈશેરી • શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા • અ.સૌ. દર્શના વિશાલ શાહ • શેઠશ્રી રતનશી આણંદજી મૈશેરી• અ.સૌ. મધુબેન પુનમચંદ મૈશેરી • શેઠશ્રી ધનજી વીસનજી લોડાયા હ. નીતીનભાઈ • કુ. નેવીલ રાજેશ મોમાયા • માતુશ્રી પ્રભાવતીબેન પ્રેમચંદ લોડાયા • માતુશ્રી જયાબેન પદમશી વેલજી મૈશેરી • માતુશ્રી કસ્તુરીબેન પ્રવિણચંદ્ર મૈશેરી હ. રાજેશભાઈ • માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા • માતુશ્રી નવલબેન જીવરાજ લોડાયા રાપર ગઢવારી • માતુશ્રી લક્ષ્મીબેન હીરજી ખોના –નલીયા • શેઠશ્રી રાયશી નરપાર મૈશેરી • શ્રી મણીકાંત ગોવિંદજી નરપાર મૈશેરી

## ધજા મહોત્સવ – ૨૦૧૩ ના ચડાવા

- મુખ્ય ધજા ૧૦૦૦૧ મણ – માતુશ્રી ચંપાબાઈ લાલજી દેવજી મૈશેરી
- પૂર્વ દિશાની ધજા ૨૨૨૨ મણ – અ.સૌ. દર્શના વિશાલ શાહ
- રંગ મંડપની ધજા ૪૦૦૫ મણ– માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા
- મહાકાલી માતાજીની ધજા રૂા. ૮૦૦૧ શેઠશ્રી લધુભાઈ હીરજી લોડાયા
- ઉત્તરદિશાની ધજા ૧૦૦૧ મણ – માતુશ્રી રતનબાઇ દામજી મોમાયા પરિવાર
- પશ્ચિમ દિશાની ધજા ૧૦૦૧ મણ – માતુશ્રી જયવંતીબેન ચીમનલાલ લોડાયા
- હનુમાનજીની ધજા ૧૦૦૧ મણ – માતુશ્રી ખેતબાઈ લધુભાઈ લોડાયા

મહાકાલી માતાની દેરી નો આદેશ લેનાર ભાગ્યશાળી પરિવાર

**માતુશ્રી પુરબાઈ ઊમરશી ટોકરશી મૈશેરી પરિવાર રૂા. ૪૨૦૦૦/-**

## ધજા મહોત્સવ-૨૦૧૩ ના સાર્ધમિક ભક્તિના દાતા રૂા. ૧૧,૧૧૧/- દરેકના (સંપૂર્ણ દિવસ)

| | |
|---|---|
| તા. ૧૦/૫ | શેઠશ્રી માણેકજી લધુભાઈ લોડાયા અને માતુશ્રી જયવંતીબેન ચીમનલાલ લોડાયા |
| તા. ૧૧/૫ | માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી પરિવાર |
| તા. ૧૨/૫ | માતુશ્રી ચંપાબાઈ લાલજી દેવજી મૈશેરી પરિવાર |
| તા. ૧૩/૫ | માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર |

**(ધ્વજા મહોત્સવ - ૨૦૧૩ યાત્રા પ્રવાસના સંઘપતિ)**

| | | | |
|---|---|---|---|
| માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી પરિવાર | (રૂા. ૧૮,૦૦૦) | માતુશ્રી જયવંતીબેન ચીમનલાલ લોડાયા | (રૂા. ૧૦,૦૦૦) |
| માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર | (રૂા. ૬,૦૦૦) | માતુશ્રી રતનબેન દામજી મોમાયા | (રૂા. ૬,૦૦૦) |

**સર્વ દાતાશ્રીઓનું મહાજનશ્રી હૃદયપૂર્વક આભાર માને છે.**

।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામિને નમઃ ।। ।। શ્રી જ્વાલામાલીની નમઃ ।।

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ

।। શ્રી શારદાય નમઃ ।।

### શ્રી લાલા ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયતા

શ્રી કચ્છ લાલા ગામના વિદ્યાર્થીઓએ જેમણે શ્રી સી.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટમાં શૈક્ષણિક સહાયતા માટે અરજીઓ કરેલ છે, તેમને તથા તેમના વાલીઓને સંપર્ક કરવા વિનંતી.

જય જિનેન્દ્ર

એજ લિ.

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ**

**શ્રી કુસુમકાંત ટોકરશી** નાગડા(પ્રમુખ) 09322897342

**શ્રી નવીનભાઈ હીરજી દંડ** (ઉપ-પ્રમુખ) 09376049393

।ઃ। જયશ્રી ભલારાદાદા ।।

## વારાપધર

વારાપધર સ્થાનકે ભલારાદાદાને નમતા ભાવિકો જોગ, વારાપધર ભલારાદાદાના ભૂઈમાંની ગંધી બદલવાનો કાર્યક્રમ તા. **૨૫.૪.૨૦૧૩** ચૈત્રસુદ પૂનમને **ગુરૂવાર**ના સવારના ૯.૩૦ કલાકે રાખેલ છે. પૂ.દાદાને નમતા ભાવિકોને વારાપધર પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

નોંધ : આવનાર ભાવિકોને અગાઉથી જાણ કરવા વિનંતી જેથી વ્યવસ્થામાં સુગમતા રહે.

ભૂઈમાં **વિજયાબેન રાજેશ લોડાયા**ના જય ભલારા

સંપર્ક :

**વિજયાબેન રાજેશ લોડાયા**-09909122503

**નિતેશ લક્ષ્મીચંદ લોડાયા**-09979026201

**અરવિંદ લાલજી લોડાયા**-09825634649

**દામજી વેલજી લોડાયા**-09978249154

।। જય ભલારા - જય ભલારા ।।

।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી સચ્ચાઈ માતાય નમઃ ।। ।। શ્રી ક્ષેત્રપાલાય નમઃ ।।

કચ્છ **વરાડીયા** તીર્થે બિરાજમાન દંડ **પરિવાર**ના કુળદેવી શ્રી સચ્ચાઈમાતાજીની સાતમી પહેડી પ્રસંગે...

## ભાવભર્યું આમંત્રણ

કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની અસીમ કૃપાથી માતાજીની સાતમી સામુહીક પહેડીનો અમુલ્ય લાભ અમારા પરિવારને મળેલ છે. આ શુભ પહેડી પ્રસંગે **વરાડીયા** સ્થાનકે નમતા સમસ્ત **દંડ પરિવાર**ના ભાવિકો, કુટુંબની નિયાણી બહેનોને સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**શુભ દિન : રવિવાર તા. ૧૯.૫.૨૦૧૩ વૈશાખ સુદ નોમ (નવમી), સવારના ૯ થી બપોરે ૨ કલાકે**
**શુભ સ્થળ : માઉલી (A.C.) હોલ, સીટી મોલ, પેંઢારકર કોલેજની બાજુમાં, ડોંબિવલી (ઈસ્ટ).**
**કાર્યક્રમ : ભક્તિગીતો તથા રાસગરબા શ્રી મનોજ કારાણી એન્ડ પાર્ટીના સથવારે રહેશે.**

: પહેડીનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર :

**માતુશ્રી સોનબાઈ કુંવરજી ખીમજી દંડ પરિવાર (સુથરી-ડોંબીવલી)**
**હસ્તે અ.સૌ. જયશ્રીબેન કાર્તિક કુંવરજી દંડ**

: અંતરના ઓવારણાં :

હરખની હેલીએ, ડોંબિવલી નગરની શેરીએ, દંડ પરિવારની ડેલીએ, પહેડીની મંગલ ઘડીએ.
આમંત્રણની નોબત વાગી, પધારજો સૌ પ્રેમથી...

: સંપર્ક :

**જયેશ દામજી દંડ**-9324644945 ● **કાર્તિક કુંવરજી દંડ**-9821336833
**હીરેન દામજી દંડ**-9323435339 ● **નિકુંજ કાર્તિક દંડ**-9167373171

## રામાયણકાળની જટાયુવૃત્તિ અને આજનું ''મને શું!?'' – લીના હીરેન લોડાયા (મુલુંડ)

મારા એક સગા પોતાનાં ઘરથી થોડેક દૂર રસ્તા પર પડી ગયા. પગનું હાડકું તૂટી જતા અસહ્ય પીડા થઈ અને પોતે સ્વબળે ઊભા થવામાં અશક્ત હતા. બપોરનું ટાણું હતું. અવર-જવર ઓછી હતી. કોઈ એમની મદદે આવ્યું નહીં અને કમનસીબે મોબાઈલ પણ ઘરે જ રહી ગયેલ. લગભગ કલાકેક પછી ત્યાંથી એમના કોઈ પાડોશી ત્યાંથી પસાર થતાં તેમની નજર પડી અને બધું પાર પડ્યું. પણ એ એક કલાક જે એમણે પીડા ભોગવી ના માટે રસ્તા પરની પારકી પંચાતમાં કે પરપીડામાં શું કામ માથું મારવું ? ''મને શું ?'' વાળી સ્વાર્થી વૃત્તિ જવાબદાર નથી ? છાપામાં પણ વાંચીએ છીએ કે ફલાણા ભાઈ કે બેન ડિપ્રેશન કે પછી અન્ય તકલીફો ને લીધે માત્ર અમુક દિવસોથી તો શું પણ મહિનાઓ કે વર્ષોથી પોતાના ઘરની અંદર બંદ કરીને બેઠા છે. લાઈટ-પાણીનું કનેક્શન બિલ ન ભરવાને લીધે ક્યારનોય કપાઈ ગયું હોય. પાડોશીઓ ક્યારેક ખાવા-પીવાનું આપી જાય છે. જેનાથી એમનું શરીર મરવાને વાંકે ટકેલું હોય છે. સંડાસ-પેશાબથી એમનું ઘર ગંધાતુ હોય છે. એ બાજુથી નિકળતો માણસ થોડીવાર પૂરતું નાક બંધ કરી ત્યાંથી પસાર થઈ ગયા પછી પાછું પોતાની દુનિયામાં વ્યસ્ત થઈ જતાં એ અનુભવ ભૂલી જાય છે. શું ફક્ત એને માત્ર ખાવા-પીવાનું દઈને કે પછી વાસથી બચવા નાક બંદ કરીને ત્યાંથી પસાર થઈ જવાની ભાગેડુ વૃત્તિથી જ પાડોસી અને એક ઈન્સાન તરીકેનાં આપણાં કર્તવ્યની ઈતિશ્રી થઈ જાય છે ? એ તો કોઈ સહૃદયી વ્યક્તિ કે પછી પરિસ્થિતિ એકદમ અસહ્ય બનતા કોઈક જાણકાર વ્યક્તિએ લાગતી-વળગતી સામાજીક સંસ્થાને જાણ કરી એટલે પછી એ વ્યક્તિઓએ Hospitalize કરી એમને યોગ્ય સારવાર આપવામાં આવી રહી છે. પણ આ બધું શરૂઆતનાં વર્ષોમાં જ જો કોઈ સગા અથવા પાડોસી એ થોડી જહેમત ઉઠાવીને કર્યુ હોત તો ! આજે એ વ્યક્તિઓની જીંદગીમાં ઘણો ફરક પડી ગયો હોત! છાપામાં આ સમાચાર વાંચીને મારૂં મગજ વિચારોનાં તકરાવામાં ચડયું. ત્યાંજ એક પત્રિકામાં શ્રી ગુણવંત શાહનાં લેખ ''જટાયુ વૃત્તિ'' પર નજર પડી. જટાયુજી રામાયણનાં એક પૌરાણિક, અતિ મહત્ત્વનાં પણ ઓછી પ્રસિદ્ધિ મેળવેલા પાત્ર છે. અને આ લેખ દ્વારા ફરી પાછુ સિધ્ધ થાય છે કે આ ભારત ભૂમીનાં વેદો-પુરાણો અને એમના પાત્રો દુનિયાના કોઈપણ ક્ષેત્ર અને સંસ્કૃતિ માટે અને સમયનાં કોઈ પણ કાળ માટે એટલા જ પ્રસ્તુત અને આદર આદર્શપાત્ર છે. આજની દરેક સમસ્યાનો જવાબ એમનામાં મળી રહે છે. ''ઘરડાં ગાડાં વાળે'' એ અમસ્તુ જ નહીં કહેવાયું હોય.

તો શું છે આ જટાયુ વૃત્તિ ? શ્રી ગુણવંત શાહનાં જ શબ્દો માં...

''જટાયુ મારૂં રામાયણનું સૌથી પ્રિય પાત્ર છે. રામ કરતાં પણ વધારે. અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છીએ તેનો જવાબ માત્ર જટાયુ પાસે છે. શું છે એવું આ જટાયુમાં ?

જટાયુનાં માટે મે શબ્દો વાપર્યા છે - ''પારકી છટ્ટીનો જાગતલ'' સીતાજીનાં અપહરણ વખતે જટાયુ જ્યારે રાવણ સામે થયા રાવણની શક્તિ જાણવા છતાંય, પોતે હારી જશે મરી જશે એ જાણવા છતાંય, પોતાનું બલિદાન આપવા તૈયાર થયા ત્યારે ગીધ સમાજનાં વ્યવહારુ લોકો એ કહ્યુ હશે કે, ''જટાયુ, આ રામને રાવણની લડાઈમાં તું ક્યાં પડ્યો ? એ બહુ બળવાન લોકો છે. તારો પત્તો નહીં થાય. રાવણ ક્યાં અને તું ક્યાં ? જરા વિચાર તો કર !''

તો જટાયુ એ જવાબ વાળ્યો ''મારા જીવતા સીતાજીનો અપહરણ નહીં થઈ શકે. આવો અન્યાય હું નહીં ચલાવું.'' અને તેઓ લડ્યા.

ગાંધીજી પણ પોતાના યુગનાં જટાયુ હતા.એમનાં ગયા પછી આ જટાયુવૃત્તિ જો કે મૃતપ્રાયઃ થઈ રહી કે જવલ્લે જ દેખાય છે. આજે સમાજનું ધ્રુવ વાક્ય છે : ''આપણે એમાં શું કરી શકીએ ?''

ગાંધીજી ચંપારણ ગયા ત્યારે પણ કહી શક્યા હોત કે ''હું આમાં શું કરી શકું ? મને શું ? અને મીઠાના સત્યાગ્રહ-દાંડીકુચના પ્રસંગે પણ કહી શકત. ખેડુતનાં મહેસુલનો પ્રશ્ન છે તો ''મારે શું ?''

અંગ્રેજોની શક્તિથી તો આખી દુનિયા વાકીફ હતી. ઘણાં ખરા લોકો કહેતા કે અંગ્રેજ સરકાર સામે આપણે નહીં પહોંચી શકી. આવા લડાયક અંગ્રેજો સામે અને ડરી ગયેલી પ્રજાની વચમાંથી આપણાં સાબરમતીનાં સંતે 'બિના ખડગ્ બિના ઢાલ'' અહિંસક લડત ચલાવી. મને મારા અને પરિવાર પૂરતું ખાવા-પહેરવાનું મારી વકાલતમાંથી મળી રહે છે પછી શું જરૂર છે. આખા દેશના કરોડો લોકોની મારે પરવા કરવાની ? શું જરૂર બે-એક ગરીબ, ફટેહાલ સ્ત્રીને જોઈને આજીવન ઠંડી-ગરમીમાં ફક્ત પોતડી પહેરીને રહેવાની ? જો ગાંધીજીએ સ્વકેન્દ્રીપણું રાખ્યું હોત તો કદાચ આજે પણ આપણે ગુલામી ભોગવતા હોત. પોતાના સશક્ત મનોબળ અને માનવતા પ્રત્યેની દેશબંધુઓ પ્રત્યેની અભૂતપૂર્વ લાગણીથી દેશમાં માટીમાંથી મરદ બનાવ્યા અને નિર્વીર્ય સમાજમાં પાછા અનેક જટાયુઓ ઊભા કર્યા અને સિદ્ધ કર્યુ કે,

*''एक पत्थर तो तबियत से उछालो यारो,*
*तो आसमां में भी सुराख हो सकता है...!!*

## શ્રી ક. દ. ઓ. જૈન ( નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

### શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન

મોતા ફલીયા, નલીયા - ૩૭૦૬૫૫. તાલુકા : અબડાસા. ( કચ્છ ) ફોન નં. ૦૨૮૩૧ - ૨૨૨૨૧૫

# હાડકાના તથા અન્ય રોગની નેચરોપથી પધ્ધતિ દ્વારા રોગોની સારવાર શિબીર

**જેમા હાથપગના દુ:ખાવા, સાઈટીકા, ઘુંટણ કે પીઠનો દુ:ખાવો, કમરનો દુ:ખાવો, હાથ ઉચોનીચો ના થવો વિગેરે તકલીફો માટે નેચરોપથી દ્વારા સારવાર આપવામાં આવશે.**



**ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ** [ND]

(નલીયા - ભાવનગર)

દ્વારા માનદ્ સેવા આપવામાં આવશે.

દરેક દર્દીને વિના મુલ્યે સારવાર તથા જરૂરી દવા આપવામાં આવશે.



**આ કેમ્પ તા. ૧૭ - ૦૨ - ૨૦૧૩ થી તા.૧૬ - ૦૩ - ૨૦૧૩**

એકમાસ માટે ચાલુ રહેશે. સારવાર માટે અગાઉથી રૂબરૂ એપોઈન્ટમેન્ટ લેવાની રહેશે.

સ્થળ

**શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન**

જૈન દેરાસર પાસે, મોતા ફળીયા, નલીયા. (જીલ્લો : કચ્છ)

સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને બપોરે ૩:૦૦ થી ૭:૦૦

❁ સૌજન્ય ❁

**શ્રી શાંતીદેવ સેવા સમિતી**

મરીન ડ્રાઇવ, મુંબઇ - ૪૦૦૦૦૨.




## ચાંદીની ભેટ

આજકાલ લગ્ન પ્રસંગે, જન્મદિવસે, વર્ષિતપના પ્રસંગે આપણે સંબંધીઓને રૂપિયાનું કવર આપીને અનુમોદના કરીએ છીએ તેના બદલે ચાંદીના બજેટ મુજબ સિક્કા આપીએ તો ! રૂપિયા તો વપરાઈ જાય પણ સિક્કા હોય તો આપનારની યાદી રહે.

**દેવલાલી, ૧૦.૧.૧૩ — - જ્ઞાતિબંધુ**

## 'અનંતછાયા' વેચાણ અને મેગા ફંડો

શ્રી મુંબઈ મહાજન આયોજીત કેરાલા-તામિલનાડુ યાત્રા પ્રવાસમાં મહાજનશ્રીના અધિકારીઓએ કોચીનની જ્ઞાતિજનોની સભામાં જણાવ્યું હતું કે જ્ઞાતિના મુખપત્રો 'અનંતછાયા' ના વેચાણ બાબતે મહાજનશ્રીનો દ્રષ્ટિકોણ છાપતા નથી, તે જાણીને દુઃખ થયું. કારણ કે જ્ઞાતિપત્રમાં જ્ઞાતિના સમાચાર છાપવા જરૂર છે. અમારા સમાચાર ન છાપવા બાબત અમોને હજી સુધી અનુભવ થયેલ નથી. ક્યાંક ગેરસમજણ ઊભી થયેલ છે એવું લાગે છે ?

ખેર, ભલે જ્ઞાતિપત્રોએ મહાજનશ્રીના સમાચાર નથી છાપ્યા પણ જ્ઞાતિ મહાજન પાસે તો પોતાનું મુખપત્ર ક્ષીંગ્ર જથ્થ્રત્ફ છે. જેમાં મહાજનશ્રીએ હજી સુધી 'અનંતછાયા'ના વેચાણ બાબતનો પોતાનો દ્રષ્ટિકોણ છાપેલ નથી. તેમજ આ બાબત ન કોઈ પરિપત્ર જ્ઞાતિજનોને મોકલેલ નથી. તથા આ બાબત નોટીસબોર્ડ પર ખુલાસો પણ કોઈ અટકાવી શકાતું નથી. આ 'અનંતછાયા' આપણાં વડીલોએ જ્ઞાતિના મધ્યમવર્ગ માટે સસ્તા દરે ઊભી કરેલ છે. જેમાં આપણા જ્ઞાતિજનો છેલ્લા ૫૦ વર્ષથી સુખેથી રહે છે.

હાલમાં KDO Worldમાં પ્રમુખશ્રીએ ટ્રસ્ટની મિલકત વેચી ૧૦૦ કરોડનું ફંડ ઊભું કરવાનું પોતાનું ધ્યેય દોરાવ્યું છે. ખરેખર તો પ્રમુખશ્રીએ પોતાની વ્યવસાયિક કુનેહોનો લાભ ટ્રસ્ટ (જ્ઞાતિ)ને આપીને ટ્રસ્ટની મિલ્કતોનો વિકાસ (Redevelopment) કરીને ફંડ ઊભું કરવું જોઈએ, નહીં કે ટ્રસ્ટની મિલકતો વેચીને. મિલકત વેચાણ બાબત જ્ઞાતિ અગ્રણીઓને વિશ્વાસમાં લઈ પુખ્ત વિચારણા કરી પગલાં ભરવા વિનંતી.

આશા છે 'અનંતછાયા' વેચાણ અને મેગા ફંડ માટે શ્રી અનંતનાથ દાદા સૌને સદ્‌બુદ્ધિ આપો એ પ્રાર્થના.

**વડાલા, ૨૬.૧.૧૩ — - ઉત્તમચંદ લ. લોડાયા**

## જ્ઞાતિજનો માટે મેડીકલ સ્કીમ

મેડીકલ ફીલ્ડમાં સેવા આપતા અને જ્ઞાતિના ડૉક્ટરો વિગેરેને જાહેરમાં આમંત્રી તેમના મંતવ્યો અભિપ્રાયો વિગેરે જાણી, તે વિષે ચર્ચા કરી જ્ઞાતિજનોને મેડીકલ સેવા કઈ રીતે રાહત દરે મળી શકે અને તેમના સ્વાસ્થ્ય માટે ટ્રસ્ટ કઈ સુવિધા ઉપલબ્ધ કરી શકે એવા ઉમદા હેતુથી, તકેદારી અને સમજદારી વધારવાના શુભ આશયથી તાજેતરમાં મુંબઈ મહાજનશ્રી અને શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ પેનલ ડીસ્કશનમાં જે ટ્રેડફેરના પ્રાંગણમાં યોજાયેલ જેમાં જુજ હાજરી હતી.

મેડીકલ સહાય અંગે જરૂરતમંદ લોકોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે, માંગ વધતી જાય છે, સહાયની મોટી અપેક્ષા સેવાય છે અને એને પહોંચી વળવા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વધુમાં વધુ સહાયભુત થવા પ્રયત્ન કરે છે, જે ખરેખર પ્રશંસનીય છે.

જ્યાં રાહત દરે ટ્રીટમેન્ટ થઈ શકે તેમ હોય છે ત્યાં તેનો લાભ ન લેતાં, મોટા ખર્ચે, મોટી મોંઘીદાટ હોસ્પિટલમાં સારવાર લઈ, સંપુર્ણ મેડીકલ સહાયની અપેક્ષા રાખતા કેટલાક જ્ઞાતિજનોને સંતોષકારક મદદ ન મળતાં, જાહેરમાં સંસ્થા અને ટ્રસ્ટીઓની ટીકાટીપ્પણ કરે છે જે બિલ્કુલ અયોગ્ય છે.

કે.ડી.ઓ. ડૉક્ટરોની સ્વૈચ્છિક સેવા મેળવવી મુશ્કેલીભર્યું છે તેવી પણ તારવણી થઈ છે.

મહાજન પ્રમુખશ્રી નયન ભેદાએ આ પેનલનું પ્રમુખસ્થાન સંભાળી, કંઈક નક્કર કરવા જાતે ઘણાં પ્રશ્નોની છણાવટ કરી.

મજકુર સમસ્યા અંગે કેટલાક નક્કર સુચનો છે.

**મેડીકલ ક્ષેત્રે**

૧) મેડીક્લેઈમ પોલીસી સૌ કોઈની આશીર્વાદસમી બની શકે છે.

૨) પગારદાર વ્યક્તિ મારફત મેડીક્લેઈમ પોલીસી કઢાવવા માનદ્‌સેવકે મોનીટરીંગ કરવું રહ્યું.

૩) ઈન્સ્યોરન્સ ફીલ્ડમાં કામ કરતી સેવાભાવી વ્યક્તિઓની કમિટી દ્વારા પોલીસી કઢાવતી વખતે કેટલીક તકેદારી ડીક્લેરેશન શું કરવું/શું નહીં કરવું. તે બાબતે માર્ગદર્શન મળે તેની યંત્રણા કરવી.

**મેડીકલ ક્ષેત્રે રાહત**

૧) મેડીક્લેઈમ ક્ષેત્રે નરશી નાથા મેડીકલ ટ્રસ્ટનું માર્ગદર્શન અને યોગદાન મળે તે માટે પોલિસી ઈત્યાદિની નકલ મોકલવી જેથી ડુપ્લીકેશન પણ ન થાય.

૨) રૂપિયા ૨૫૦૦૦ સુધી ૫૦%ની મદદ કરવી. રૂપિયા ૧ લાખ સુધી ૨૫%ની મદદ કરવી. પછીના

૧૦%ની મદદ કરવી.

૩) નાની મોટી દવા સહાય-પ્રતિ કુટુંબ રૂપિયા ૧,૦૦૦/- સુધી રી-ઈમ્બર્સમેન્ટ કરવું.

૪) ડાયાબીટીશ, બ્લડપ્રેશર, હાર્ટની બીમારી કે જ્યાં દૈનિક ડોઝ ચાલુ રાખવો પડે તેવા કેસમાં ડોંબીવલી, ભાંડુપ, મુલુંડ ખાતે એ પુરવઠો માસિક ધોરણે હોલસેલમાં ઉપલબ્ધ કરી શકાય પણ તે ડૉક્ટરી માર્ગદર્શન હેઠળ સેવાભાવી ડૉક્ટરોનો સહયોગ મળી રહે તો તેમને ત્યાં સ્ટોક રાખી શકાય. છ માસ પછી તે રીવ્યુ કરી શકાય. દા.ત. મુલુંડમાં ડૉ. ખોનાનું તે અંગે વ્યવસ્થિત માર્ગદર્શન મળી શકે.

૫) કે.ડી.ઓ. ક્લાસીકની ઉલ્લેખનીય કામગીરી આંખ માટે તેમજ દાંત માટે ઈ.એન.ટી. ક્ષેત્રે પણ ઝંપલાવ્યું છે, જે પ્રશંસનીય છે.

૬) નાની મોટી માંદગી વખતે ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ, મેડીકલ સેન્ટરનો સહારો લેવો-રાહત દરે ટ્રીટમેન્ટ કરાવવી.

૭) મૃત્યુ બાદ ચક્ષુદાન, સ્કીનદાન અને દેહદાનનો વિચાર કરવો, અમલમાં લાવવો.

**મુલુંડ, ૨૭.૧.૧૩** **- કુલીન લુઠીયા**


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**



**શુભેચ્છા સહ...**

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057



K. Dixit

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**
**(સાંધાણ – ઘાટકોપર)**
**98204 57676**

**લગન પ્રસંગ માટે લાઈટ વેઈટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**




ભુલસુધાર : પ્ર.સ. અંક નં. ૪ માં પાના નં. ૧૬ ઉપર મોટી વરંડીની જા.ખ.માં તૃતીય પહેડી તા. ૧૦.૩.૧૩ના બદલે સુધારીને તા. **૧૦.૨.૧૩** વાંચવી.

*Happy Birthday...*



## ચિ. જસ સમીર ખોના

(જન્મ : તા. ૧૨.૨.૨૦૧૦)

જસને જન્મ દિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ...

**: અમી આશિર્વાદ :**

દાદા-દાદી : રાજેશ્રી-રજનીકાંત ખોના (મોટી ખાવડી)
નાના-નાની : ખમાવંતી-શામજી દંડ (સાંધવ)
પપ્પા-મમ્મી : ઉષા-સમીર ખોના (મોટી ખાવડી)
કાકા-કાકી : અવની-કુણાલ ખોના (મોટી ખાવડી)
ફઈ-ફૂવા : જયશ્રી-વસંત લોડાયા (બાયઠ)
મામા-મામી : મમતા-જીતેન દંડ (સાંધવ)


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ‘અનંતછાયા’નો ચૂકાદો

‘અનંતછાયા’ (ઘાટકોપર)ના વેચાણ કરવા બાબતે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નર સમક્ષ કરેલ અરજીને માન્ય કરતો ચુકાદો ૩૧.૧.૧૩ના આપવામાં આવ્યો છે. ખરીદનાર પક્ષ દ્વારા ટ્રસ્ટ માટે બંધાનાર નૂતન જિનાલયની જમીનનો હિસ્સો ટ્રસ્ટને ૯૯૯ વર્ષના લીઝ પર આપવાનો પણ હુકમ થયો છે.

### મુંબઈ મહાજનશ્રીનું ઐતિહાસિક કદમ

મુંબઈ મહાજનશ્રી દ્વારા શનિ તા. ૨.૨.૧૩ના સવારે ૭.૩૦ કલાકે શુભ મુહુર્તે પૂ.આ.શ્રી. કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. તથા પૂ.સા. શ્રી સંયમગુણાશ્રીજી અને પૂ.સા. અનંતયશાશ્રીજી મ.સા. અને પૂ. યતિશ્રી મોતીસાગરજીની નિશ્રામાં ચતુર્વિધ સંઘની સૌભાગ્ય ઉપસ્થિતિમાં નવીમુંબઈ ઐરોલીમાં મહાજનશ્રીના પ્લોટ પર ભૂમિદાતાઓ શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ અને શ્રી પારસભાઈ પદમશી મૈશેરી સપરિવારે સ્નાત્રપુજા-શાંતિકળશ લાભ લીધેલ. એ સાથે ભૂમિપૂજન, ખાતમુહુર્ત અને શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવાયો. દાતાપરિવારોના હસ્તે શ્રીફળ વધેરી મંગલાચરણ કરાયું. પૂ. આચાર્યશ્રીએ માંગલિક સંભળાવી જ્ઞાતિ પ્રગતિના આ કાર્યની અનુમોદના કરી કાર્યકરોને આવા સત્કાર્યો માટે શક્તિ મળી રહે તેવા આશિર્વાદ આપ્યા હતા. પૂ. યતિશ્રીએ ખાતમુહુર્ત વિધાન કરાવેલ. પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ સૌના સાથ સહકારે ટૂંકમાં જ વિવિધલક્ષી સંકુલનું સ્વપ્ન સાકાર થશે તેવી ભાવના દર્શાવી હતી. મહાજનશ્રી દ્વારા જ્ઞાતિ માટે એક ઉપયોગી ઐતિહાસિક કદમના મંગલાચરણ થયા હતા. ભૂમિદાતાઓ અને સર્વે સખીદાતાઓનો આભાર-અનુમોદના કરાઈ હતી. આ સમાજભવનને ‘કસ્તુરી-પદમ’ નામાભિધાન અપાશે, જ્યારે પહેલામાળાના મુખ્ય હોલને શેઠ કાનજી વીશનજી પાલાણી હોલ નામ અપાશે. ડોંબીવલી, નવી મુંબઈ અને મુંબઈના પરાંઓને જોડતા કેન્દ્રવર્તીસ્થળે સાકાર થનાર આ સમાજભવન જ્ઞાતિ માટે અણમોલ મિલકત બની રહેશે. આ પ્રસંગે સંઘ નવકારશી રાખવામાં આવેલ.

### બાયઠ

શ્રી બાયઠ પ્રાથમિક ગ્રુપ શાળામાં ૨૬ જાન્યુઆરી-૧૩ના રાષ્ટ્રીયપર્વ ધામધૂમથી ઊજવાયો. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ કરેલ. શાળાના આચાર્યશ્રીએ સ્વાગત પ્રવચન તથા પ્રજાસત્તાક દિન પર્વ વિષે માહિતી આપેલ.

શાળાના ધોરણ ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે ‘‘આઈડેન્ટી કાર્ડ’’ જ્ઞાતિના શ્રી મેઘજી રામજી પોલડીયા (પટેલ) પરિવાર તરફથી તૈયાર કરી અપાયા. જેનું વિતરણ વિદ્યાર્થીઓને શ્રી મેઘજીભાઈ, ગામના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી તથા બીજા મહાનુભાવો દ્વારા કરવઆમાં આવેલ. શાળામાં ‘‘સાઉન્ડ સીસ્ટમ’’ ની જરૂર હતી તે ‘‘શ્રી પ્રગતિ મંડળ-બાયઠ(મુંબઈ)’’ તરફથી શાળાને ભેટ આપવામાં આવેલ.

શાળા તરફથી દાતાશ્રીઓનો આભાર માની સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે ગ્રામજનો બહોળી સંખ્યામાં પધારેલ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ. વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારોથી પ્રોત્સાહિત કરવામાં આવેલ. છેલ્લે, આભારવિધિ બાદ સૌને પ્રભાવના આપી કાર્યક્રમ પૂર્ણ થયેલ. શાળાના સંચાલન મંડળમાં શ્રી નિલેશ મેઘજી પોલડીયા ઉપપ્રમુખપદે સેવા આપે છે. અને શાળાની પ્રગતિ માટે સતત પ્રવૃત છે.

### શ્રી કિશોર ભવાનજી ગોસર

શ્રી કિશોર ગોસર (બારોઈ-જાલના) કિષ્ણાવાળા એમનું તા. ૨૨-૧-૧૩ રાતના ૧૧.૩૦ વાગ્યે હાર્ટ એટેકથી અરિહંતશરણ થયેલ. તેઓ અત્રેના શ્રી ચંદ્રપ્રભુ જૈન મંદિર ટ્રસ્ટ-જાલનાના ખજાનચી હતા. તથા શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જાલનાના ભૂતપૂર્વ સેક્રેટરી હતા. તેઓ શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ જાલનાના ઉપાધ્યક્ષ હતા. તેમના અવસાનથી ટ્રસ્ટ મંડળ તથા જ્ઞાતિ મહાજનને ખોટ પડી છે. સદ્‌ગતના આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

### સખીવૃંદ-પુના

સખીવૃંદની સભા સૌ. મોહિની નિતીન લોડાયાના ઘરે યોજાયેલ શિયાળાને લક્ષમાં રાખીને મોહિનીબેને ‘શિયાળુ પાક’ બનાવવાની હરીફાઈ રાખેલ. જેમાં બહેનોએ પોતે બનાવેલ વાનગીઓ લાવવાની હતી. ‘ગુંદરપાક’, ‘શિયાળુપાક’ તેમજ ‘કચરિયુ’ બનાવવાની રીત દર્શાવેલ. સૌને ઉપયોગી માહિતી મળી. હરિફાઈમાં સારી સંખ્યામાં બહેનોએ ભાગ લિધેલ. બધાની વિવિધ વાનગી હતી. તેમાં

પ્રથમ ડેકોરેશન સાથે સૌ. હીના દીપક શાહને પૌષ્ટિક લાડુ માટે ઈનામ મળેલ. તેમજ દ્વિતીય સૌ. મોના પ્રશાંત લાલકાને 'અડદિયા' બનાવવા માટે મળેલ. નિર્ણાયક તરીકે સૌ. ધનવંતીબેન ફુરિયા તથા રંજનબેને સેવા આપી. ધનવંતીબેને 'આથો' એક પરંપરાગત મિષ્ઠાનની રેસીપી દાખવી તથા વસાણાનું મહત્ત્વ સમજાવ્યું. ઠંડીમાં આરોગ્યપ્રદ ગુંદર, મેવા-મસાલા વગેરેનું મહત્ત્વ સમજાવ્યું. વિજેતા બહેનોને મોહિનીબેન તરફથી ઈનામ અપાયા. નિર્ણાયક બહેનોનું મોહિનીબેને ઉચિત સન્માન કરેલ.

અંતમાં 'સંક્રાંતી'ની ઉજવણીરૂપે બધી બહેનોને હલ્દી-કંકૂ તેમજ તિલગુડ અને ગીફ્ટ આપીને બધી બહેનોનું સન્માન કરેલ. જાતે બનાવેલ પ્રત્યક્ષીકરણમાંથી કચરિયું, અડદિયો, ગુંદરપાક, ચેવડા સાથે બધાને નાસ્તો કરાવેલ. આમ સમગ્ર મીટીંગ સરસ રીતે ગોઠવેલ. અંતમાં ગરમાગરમ ગુંદરની રાબ પિવડાવી.

### કચ્છની હરણફાળ પ્રગતિ

માદરે વતન કચ્છ જીલ્લાને ધરતીકંપના કુદરતી વિનાશ બાદ નવસર્જનની વણથંભી હારમાળાએ અને ટેક્સ હોલીડેની જાહેરાતથી કચ્છ પછાત વિસ્તારમાંથી પ્રગતિશીલ હરોળમાં સ્થાન અંકિત થયું છે. રૂા. ૭૦ હજાર કરોડના મુડીરોકાણ સાથે કચ્છ ઔદ્યોગિક હબ બન્યું છે. પાવર, પ્રોજેક્ટ, સિમેન્ટ, સ્ટીલ, વીન્ડપાવર, ઓટોમોબાઈલ, ટુરીઝમ આદિ ઉદ્યોગોના ધમધમાટથી લાખો લોકો રોજગારી મેળવી છે. અને અનેકને ધંધા-રોજગાર વિકાસની તકો મળી છે. હજી આ જીલ્લામાં પાણીની સમસ્યા હળવી બને તો હજી વધુ લોકો આ તરફ આકર્ષાય એવો સુર વ્યક્ત થાય છે. મોટા ઉદ્યોગપતિઓ ટાટા, બિરલા, રિલાયન્સ, અદાણી સહિત સૌ કચ્છ તરફ વળ્યા છે.

કચ્છના સર્વાંગીણ વિકાસ માટે ગુજરાત સરકાર સદા સજ્જ છે. માળખાકીય વિકાસ માટે કચ્છના રોડ, ફ્લાયઓવર, વાહનવ્યવહાર, વીજળી પાણી, ગટરો આદિ યોજનાઓમાં સુંદર પ્રગતિ જોવા મળે છે. લોકાભિમુખ શાસનથી પ્રજા સંતોષાઈ છે અને જીલ્લા પ્રશાસન વિકાસ માટે કટિબધ્ધ છે. વાયબ્રન્ટ સમીટમાં ૧૨૧ દેશો જોડાયા હતા અને ૧૬ લાખ લોકો સહભાગી થયા. ચારેક લાખને નવી રોજગારી તકો મળશે એટલે કચ્છ ફરી પોતાના ભવ્ય ભુતકાળની જાહોજલાલી તરફ હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે.

### પરજાઉવાસીઓનું સ્નેહમિલન

પરજાઉવાસીઓનું સ્નેહમિલન રવિ. તા. ૨૭.૧.૧૩ના સવારે ૮, બપોરે ૩ સુધી ૧૭૫ જણાંની હાજરીમાં વિજય સોસાયટી, શીશીકુંજ હોલમાં યોજાયેલ, મુંબઈ, અમદાવાદ, અંજાર, પરજાઉ સ્થળેથી ગામવાસીઓ અને આમંત્રિત મહાનુભાવો પધારેલ. સવારનાં ૯ થી ૧૦.૩૦માં શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની ભક્તિ ભાવનાં માટે શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ પધારેલ. પ્રભુજીની સુંદર ભાવના કરાવેલ. સવારનાં નવકારશીમાં ૫૦ જણાં લાભ લીધેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ, ધાર્મિક-શૈક્ષણિક સન્માન અને વાર્ષિકસભા યોજાઈ. સભામાં ગત વર્ષના ઓડીટેડ હિસાબ રજુ થયા. નુતન ઉપાશ્રયની ચર્ચા વિચારણા થયેલ. રાપરગઢ મહાજન તરફથી શ્રી હીરાચંદભાઈ નાગડા, શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી પ્રફુલ નાગડા, શ્રી હીતેષ નાગડા આદિ પધારેલ. લાલા મહાજનનાં શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા પધારેલ. ભાનુશાલી સમાજનાં શ્રી ખીમજીભાઈ, શ્રી નંદુભાઈ, વસંતભાઈ, પ્રવીણભાઈ, વિનોદભાઈ પધારેલ. મહાજનવતી બધા આગેવાનોનું સન્માન કરવામાં આવેલ. બપોરનાં સ્નેહ ભોજન કરી સાંજના ૪ વાગ્યે ચા-પાણી લઈને ચંદ્રપ્રભુની જય બોલાવી સહુ છુટા પડેલ.

### સૌ. લક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા



રોટરી ક્લબની વર્ષ ૨૦૧૨-૧૩ની ડીસ્ટ્રીક્ટ કોન્ફરન્સ તા. ૨૨-૨૩ ડીસેમ્બરના હૈદ્રાબાદમાં યોજાઈ હતી. જેમાં બહેનો માટેની 'માસ્ટર શેફ સ્પર્ધા'માં પાચોરાના સૌ. લક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયાએ ભાગ લીધેલ. આ સ્પર્ધાના નિર્ણાયક ફુડ ફેમ શ્રી હરપાલસિંઘ સોખી હતા. કુલ ૩૬ જણાંએ ભાગ લીધેલ. રોટરી ક્લબ પાચોરા વતી ભાગ લઈ માસ્ટર શેફ બન્યા. એમને શ્રી હરપાલસિંઘ સોખીના હસ્તે ઈનામ અને પ્રશસ્તિપત્ર એનાયત થયેલ. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

### શ્રી કચ્છ કેસરી જૈન યુવા ફાઉન્ડેશન-જલગામ

યુવા ફાઉન્ડેશન દ્વારા તા. ૧૩.૧.૧૩ના રક્તદાન શિબિરનું આયોજન શ્રી કચ્છી દશા-વિશા ઓસવાલ જૈન મહાજનવાડીમાં કરવામાં આવ્યું.

શિબીરનું ઉદ્‌ઘાટન જલગામ જિલ્હાધિકારી શ્રી જ્ઞાનેશ્વર વાર્જૂકર અને મેયર શ્રીમતી જયશ્રી ધોંડેના હસ્તે કરવામાં આવ્યુ. મહાજનના ભાઈ-બહેનો તેમજ ઇતર સમાજના લોકોએ આ શિબિરમાં સહભાગી થઈ કુલ ૬૫ રક્ત બોટલનું યોગદાન આપ્યું.

શિબીરના પ્રમુખ અતિથી વિશેષ મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ શાહ, ઈંડીયન રેડક્રોસ સોસાયટીના સદસ્ય ડૉ. પ્રકાશ સંઘવી પધારેલ.

શિબીરને યશસ્વી રીતે પાર પાડવામાં ફાઉન્ડેશન અને ઇનરવ્હિલ ક્લબ જલગામના પ્રેસીડેંટ કલ્પના શાહ, અને નુતન ભાવના મંડળના પ્રમુખ શ્રીમતી શિલ્પા છેડા અને શ્રી ધર્મનાથ જૈન મંડળ વગેરે સૌનો અમુલ્ય સહકાર મળેલ. કાર્યકરો કલ્પેશ છેડા, ભાવેશ મોમાયા, સમીર પોલડીયા, શ્રેયસ મૈશેરી, અંકુશ લોડાયા, મયુર મોમાયા, ધર્મેશ ગોલત, કાર્તિક લાપસિયા, કુશલ લોડાયા, વિપુલ ધનાની, વિરેશ કેનિયા, હિતેશ પોલડીયા, પંકજ મોમાયા, ભદ્રેશ શાહ, મિહીર શાહ, પુર્વેશ શાહ, મિતેશ કાંકણે જહેમત લીધી. યુવા ફાઉન્ડેશન યશસ્વી રીતે કાર્યોને સંપ અને સહકારથી આગળ વધારી રહ્યું છે. આ ચાતુર્માસ સહુને માટે ચિરઃસ્મરણીય બની રહ્યું. ગરીબો માટે સાંજના જમણ માટે રૂા. ૧૫૦૦નો નકરો છે. એ ગૌતમ પ્રસાદી યોજનામાં ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે.

દિવાળી દરમ્યાન ૫ થી ૧૫ વર્ષના બાળકો ફટાકડા નથી ફોડ્યા એમને ભેટ-વસ્તુ અને અનુમોદના પત્ર આપી પ્રોત્સાહિત કરાય છે. આ કાર્યક્રમમાં ૭૦ બાળકોએ ભાગ લીધેલ. નુતન ડ્રાયફ્રુટ/નુતન કલેક્શનના શ્રી કાંતિભાઈ દેઢિયા તથા ફેશન સેંટર વતી શ્રી કેતનભાઈ નાગડા દરેકે રૂા. ૫૦૦૧ આપી ઈનામદાતાનો લાભ લીધેલ. જ્ઞાનપાંચમના ફાઉન્ડેશનના યુવાઓએ રિમાન્ડ હોમમાં બાળકોને નોટબુક, પેન, પેન્સીલ, ફળ, મિઠાઈનું વિતરણ કરેલ.

## દક્ષિણ ભારતે મુનિવરોની વિહારયાત્રા

પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા. આ.ઠા.૬ની આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં વિહારયાત્રા ચાલી રહી છે.આદોનીમાં ચાર દિવસની સ્થિરતા રહી. મુ.શ્રી દેવરક્ષિતસાગરજીએ બાળકોની સંસ્કારવાટિકાની શિબિર કરાવી. પૂ.આ. શ્રી યશોવર્મસૂરીમ.સા.ના માતુશ્રી સાધ્વીજીને શ્રધ્ધાંજલિ અપાઈ.

ગુંટકલમાં વાજતેગાજતે સામૈયું કરાયું. ચાર દિવસની સ્થિરતામાં સવારના અને રાત્રિ પ્રવચનોનું આકર્ષણ રહ્યું. નવ લાખ નવકારની પ્રતિજ્ઞા સ્વીકારી. અત્રે ૩૫ ઘરો છે. નગરના એક શિવમંદિરમાં પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમા નીકળી છે. મુનિવરોએ નિરીક્ષણ કરી જૈન સંઘને પ્રતિમાજી મળે એવું માર્ગદર્શન આપ્યું.બેલ્લારીમાં કચ્છી દશા-વીશા મળીને ૧૫ ઘરો છે. ગામમાં જૈનોના ૬૦૦ ઘરો અને છ જિનાલયો છે. કચ્છી સંઘ તરફથી પટેલ નગરથી સામૈયું થયું. ચાર દિવસીય પ્રવચન સભા ખૂબ ખીલી ઉઠી. સંઘે ૧૫ દિવસની સ્થિરતાનો આગ્રહ કર્યો. સવા લાખ જિન પ્રતિમાના દર્શનનો અભિગ્રહ અપાયો. પૂ.મુનિ શ્રી તત્ત્વરક્ષિતસાગરજીની ૩૮ ઓળીનું પારણું થયુ. વિશાળ નૂતન ધર્મશાળામાં પગલા કર્યા. કચ્છી બાળકોની શિબીર રખાઈ.

મુનિવરોએ હમ્પી તરફ વિહાર કરેલ ત્યાંથી હોસ્પેટ પધારી એક જિનાલયની સાલગિરીમાં નિશ્રા આપશે. બેલ્લારીમાં ગરીબોની અનુકંપા હેતુ રોટી કેન્દ્ર માટે પ્રવચનમાં સવા લાખ ફાળો નોંધાયો.

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

તા. ૨૬.૧.૨૦૧૩ના રોજ મુંબઈ મહાજન યોજીત ટ્રેડફેર સ્થળે 'ધરમશી પેવેલીયન'માં સવારે ૧૧ થી ૧ દરમ્યાન મુંબઈ મહાજન મુંબઈ માટે વધુ એક જનજાગરણ સભાનું આયોજન થયું. જેમાં જ્ઞાતિ પ્રશ્નો-સમસ્યાઓ પર ચર્ચા વિચારણાઓ થઈ તથા વિભિન્ન સુચનો રજુ થયા. બપોરે સાર્ધમિક ભોજન લઈ, થોડા વિરામ અને ચા-પાણી બાદ મહાસમિતિની સભાની શરૂઆત નવકાર પઠનથી થઈ. પ્રમુખસ્થાને શ્રી તિલોકચંદભાઈ દંડ બિરાજ્યા હતા. ૭૦થી વધુ પ્રતિનિધીઓમાં દેશાવરની હાજરી ઊલ્લેખનીય રહી, ખાલી રહેલ તેમજ ફેરબદલ થયેલ બેઠકના પ્રતિનિધીઓ જેમાં મોટી સીંધોડીના શ્રી તીલકભાઈ પ્રેમજી મોમાયા, કલીકટના શ્રી હીરાચંદભાઈ મોતા, સુથરીના શ્રી નીતીન રાયચંદ સાયલા અને બેંગ્લોરના શ્રી કિર્તીભાઈ ધનજી ધરમશીની નોંધ લેવાઈ. જ્ઞાતિનું ચતુર્થ સંમેલન બોલાવવાની ચર્ચા થઈ જેમાં ગાંધીધામ તેમજ રાયપુર મહાજનની પ્રાથમિક ઈચ્છાની જાણ કરાઈ અને આ અંગે હજુ કોઈ મહાજન ઈચ્છુક હોય તો તે માટે તા. ૨૫.૨.૧૩ સુધી પોતાની ઈચ્છા લેખીત સ્વરૂપે કાર્યાલયે મોકલવી તેમ નક્કી થયું. સમસ્ત મહાજનની થયેલ અને ભાવિ પ્રવૃત્તિઓનો અહેવાલ અપાયો જેને મહાસમિતિએ બીરદાવીને અભિનંદન આપેલ.

જ્ઞાતિપત્રોમાં પ્રસિદ્ધ થતાં ચર્ચાપત્ર, લેખ, અહેવાલોમાં નકારાત્મક વલણ વધારે જણાય છે. પત્રની નીતી-ભાષા અંગે પણ અસંતોષ વ્યક્ત થયો. ખૂબ લાંબી ચર્ચા બાદ સભાએ બહુમતિએ ઠરાવ્યું કે 'પ્રકાશ સમીક્ષા' ખરા અર્થમાં જ્ઞાતિનું પત્ર બની રહે, અને તેનું સંચાલક મંડળ પણ લોકશાહી પદ્ધતિથી નક્કી થાય અને વહીવટ પણ તે મુજબ થાય. તે માટે વર્તમાન સમિતિને આ અંગેની જાણ કરી, ૪૫ દિવસમાં જો આ બાબતે સ્વીકૃતિ ન મળે તો સમસ્ત મહાજને ત્રીજા સંમેલનના થયેલ ઠરાવ મુજબ પોતાનું અલગ મુખપત્ર બહાર પાડવું જોઈએ અને તે અંગે ઠરાવ રજુ કરવામાં આવ્યો. 'વન વીન્ડો' અંગે સમજ મેળવવા થયેલ સુચન પર પ્રાથમિક માહિતી આપવામાં આવી.

રાત્રે ૮ વાગે ટ્રસ્ટબોર્ડની સભા શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયાના પ્રમુખપદે ૧૫ ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં મળી. જ્ઞાતિના ૪થા સંમેલન અંગે રૂપરેખા, અંદાજપત્રક

ઘડવું તેમજ પ્ર.સ. માં તે અંગે જા.ખ. આપવાનું ઠરાવાયું. મહત્ત્વના પત્રવ્યવહાર પર ચર્ચા-વિચારણા કરવામાં આવી. તેમજ પ્રવૃત્તિઓ અંગે ચર્ચા થઈ. સંસ્થાકીય સભાના ખર્ચની વિગત આપવામાં આવી. મુંબઈમાં અતિથીગૃહ નિર્માણ અંગે મુંબઈ મહાજનશ્રી દ્વારા ઐરોલી સ્થિત પ્લોટ પર તા. ૨.૨.૧૩ના થનાર ભૂમિપૂજનની નોંધ લઈ, આનંદ વ્યક્ત કરવામાં આવ્યો. સમગ્ર જ્ઞાતિની તાતી જરૂરીયાત હવે ટૂંક સમયમાં સંતોષાશે. જેની નોંધ લેવાઈ કલ્પવૃક્ષ બાબતે શ્રી દ.ભા. એકમના પ્રમુખશ્રી ખુશાલભાઈ ધરમશી અને શ્રી મુલચંદભાઈ મોતા પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણે સભાઓની વ્યવસ્થા બદલ મુંબઈ મહાજનશ્રીનો આભાર વ્યક્ત કરાયેલ.

૨૭.૧.૧૩ રવિવારના રોજ જગન્નાથ બેંકવેટ હોલ ભાંડુપ ખાતે પ્રથમ સત્રના શુભારંભે ટ્રસ્ટીશ્રીઓના વરદ હસ્તે દીપ પ્રાકટ્ય, માળારોપણ કરી, પૂ. અનંતયશાશ્રીજી મ.સા.ને સામૂહિક વંદન બાદ માંગલીક અને પ્રસંગોચિત હીત શિક્ષા સાંભળી સભાની શરૂઆત કરવામાં આવી હતી. જ્ઞાતિમાં ઉદ્‌ભવતી અને સંતોષાતી આર્થિક સહાયને સંકલિત કરી, કેન્દ્રીયકરણ સ્વરૂપે વન વીન્ડો સીસ્ટમ કરવા બાબતે ખુલ્લા મંચ પર વિભિન્ન ટ્રસ્ટ, મહાજન, મંડળ, સંસ્થાઓના પદાધિકારીઓ/પ્રતિનિધીઓ, જ્ઞાતિ આગેવાનો અને કાર્યકરો દેશ દેશાવરની સારી સંખ્યામાં ઉપસ્થિત રહી. વિસ્તૃત ચર્ચા-છણાવટના અંતે આ કાર્યપદ્ધતિને શરૂ કરવા સર્વાનુમતે સ્વીકારી વધાવી લેવામાં આવી, આ અંગે શૈક્ષણિક સહાય બાબતે શ્રી શીવજીભાઈ વીકમશીએ SPS, વીરજી લધાભાઈ ટ્રસ્ટ તથા કેળવણી ઉત્કૃષ્ટ ટ્રસ્ટ અને અન્ય ટ્રસ્ટો દ્વારા અત્યારે પણ વન-વીન્ડો જેવી સીસ્ટમ અપનાવીને જ્ઞાતિની ૧૦૦% જરૂરીયાત સારી રીતે સંતોષાય છે. તેની સવિસ્તર માહિતી આપી હતી.

સમસ્ત મહાજનના વર્ષ-૨૦૧૩ના તિથી-તારીખ મુજબના અચલગચ્છીય માહિતી સભર કેલેન્ડરનું વિમોચન શ્રી વિનોદભાઈ-ઓરંગાબાદ, વિદ્યાર્થીસંઘના પ્રમુખ અનુજ લોડાયા તથા વડીલોના વરદ હસ્તે તાળીઓના સતત ગડગડાટ વચ્ચે સંપન્ન થયેલ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરાયેલ તેમજ હવે પછી વિભિન્ન સંસ્થામાંથી નીકળતા કેલેન્ડરોના બદલે આવતા વર્ષથી એકજ કેલેન્ડર સમસ્ત દ્વારા નીકળે અને જ્ઞાતિના ઘર-ઘર સુધી પહોંચે તેવા વિચારને વેગ આપવા બદલ આભાર વ્યક્ત કરાયેલ. આ કેલેન્ડર સ્થાનિક મહાજનોના સહયોગે ટૂંક સમય પહોંચતું કરવામાં આવશે. પ્રિન્ટર્સ માટે શ્રી દિનેશ કામાણીનો ભાર વ્યક્ત કરાયેલ.

બપોરે મળેલા બીજા સત્રમાં જ્ઞાતિના રીતરિવાજ, પ્રથા-પરંપરાઓમાં સમયોચિત ફેરફારો અંગે ખૂબજ ઉંડાણ સહ અભ્યાસપૂર્ણ મંતવ્યો રજુ થયા હતા. આ પ્રયાસને સૌએ હૃદયપૂર્વક વધાવી લીધેલ. સાંજે અલ્પાહાર બાદ સૌ અનંતનાથ દાદાની જય બોલાવી છુટ્ટા પડ્યા હતા.

### શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી

મંડળના ઉપક્રમે તા. ૨૦.૧.૧૩ના ભરતનાટ્ય મંદિરમાં રંજનસંધ્યાનું આયોજન થયેલ. તેમાં ૩૮થી વધુ સભ્યોએ પોતાની કલાકૌશલ્ય દાખવી વ્યક્તિગત ડાન્સ અને ગ્રુપ ડાન્સ આઈટમો રજુ કરી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ આપેલ. આ કાર્યક્રમના દાતા માતુશ્રી નવલબેન જેતશી શિયાલ (દલતુંગી-ડોંબીવલી) હતા.

રંજનસંધ્યાના ચેરમેન શ્રી મહેન્દ્ર મોતા અને જીજ્ઞાબેન છેડા હતા. મંડળની ટીમ કાર્યક્રમ સફળ બનાવવા સારી જહેમત લીધી હતી. વિજેતાઓને ટ્રોફીઓ/ઈનામો આપી નવાજવામાં આવેલ.

મંડળના ઉપક્રમે તા. ૧૩.૧.૧૩ના રમતગમત-૨૦૧૩નું આયોજન થયેલ. જેમાં ૧૫૦થી વધુ જ્ઞાતિજનોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં વિવિધ રમતો અને ચેસનું આયોજન થયેલ. કાર્યક્રમના દાતા સૌ. મીનાબેન ભાવેશ મોતા (કુવાપધર) હતા.

પદાધિકારીઓ અને કમિટી સભ્યોએ રમતોત્સવને સફળ બનાવેલ. રમતગમત સમિતિના ચેરમેન શ્રી ચંદ્રેશ ખોના હતા.

### શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ(ઈ)

સંઘની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૪.૨.૧૩ના સવારે ૧૦ વાગે શ્રી નવ-કમલ વિવિધલક્ષી અચલગચ્છ જૈન ભવનમાં ત્રીજા માળે હોલમાં રાખવામાં આવેલ છે. જેમાં ૨૦૧૧-૧૨ ઓડીટેડ હિસાબો, ઓડીટરની નિમણુંક. તા. ૧.૪.૧૩ થી તા. ૩૧.૩.૧૬ સુધી ત્રણ વરસ માટે ટ્રસ્ટ મંડળની નિમણુંક વગેરે કાર્યો હાથ ધરાશે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જૂનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કીર્તી નેણશી મોમાયા** | C/o. ડૉ. આશા પરમાર, એફ-૩૧, પતંજલી, TIFR ક્વાટર્સ, ૨, હોમી ભાભા રોડ, નેવી નગર, કોલાબા-૫ |
| **ઈંદિરાબેન કુસુમકાંત શિયાઽ** | પ્લોટ ૫૫૧, બ્લોક ૩૦૧, વૈશાખ હેરીટેજ, ૧૧મો રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧ |
| **ચિંતન પ્રફુલચંદ્ર નાગડા** | ૮-પરિમલ, આયરે રોડ, પાણીટાંકી પાસે, ડોંબીવલી (ઈ)-૪૨૧૨૦૧ |
| **દિનેશ જેઠાભાઈ મોતા** | ૩, હરીઓમ દીનદયાલ ક્રોસ રોડ, ડોંબીવલી (વે)-૪૨૧૨૦૨ ફોન : 9029720284 |
| **કમલેશ કે. ધરમશી** | ૩૦૪, તુકાઈધામ, વિજયનગર, રામ મંદિર રોડ, ડોંબીવલી (વે)-૪૨૧૨૦૨ ફોન : 9702576535/9324008950 |
| **ડી. એચ. મોતા** | ગંગાધામ ફેઝ-૧, બીબેવાડી, કોંઢવા, પુના-૪૧૧૦૩૭ ફોન : 09765552907 |
| **નરેન્દ્ર જીવરાજ મોમાયા** | બ્રીંદાવન એવેન્યુ. જી.એસ. લવંડર સાઉથ બ્લોક, એટકુરુ રોડ, ગુંટુર-૫૨૨૦૦૩ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રતાપ પદમશી છેડા | માટુંગા | 240124729/9824171179 | શ્રી વીરેશ ભવાનજી મોમાયા | ડોંબીવલી | 09322616780 |
| જયાબેન દિનેશ મોતા | ડોંબીવલી | 9833631522 | શ્રી નિખીલ વીરેશ મોમાયા | ડોંબીવલી | 09987260969 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩.૧૨.૧૨ | કોપર | GDDR010203 | હેમ-હિતેન મહેન્દ્ર ધ્રોળ | ગોધરા | પુત્ર |
| ૨૨.૧૨.૧૨ | ન્યુયોર્ક | KRDD010301 | જાહીન-ફેનીલ વિજય દંડ | કોઠારા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૧.૧૩ | ડોંબીવલી | SMMA050405 | વિમલ ગુલાબ ત્રીકમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૪ |
| | અહમદનગર | KRNG020403 | પ્રિયા કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૧ |
| ૨૭.૧.૧૩ | સાંતાક્રુઝ | BHDD032203 | નિકુંજ દિનેશ કુંવરજી દંડ | ભરૂડીયા | ૨૭ |
| | નાંદેડ | DALI040803 | નમ્રતા વિજય લીલાધર લાપસીયા | દલતુંગી | ૨૩ |
| ૨૯.૧.૧૩ | સાયન | SUDH020204 | રોમલ લક્ષ્મીરાજ દિનેશચંદ્ર ધરમશી | સુથરી | ૨૭ |
| | મુલુંડ | LLMA010604 | ખુશ્બુ મુકેશ દામજી મૈશેરી | લાલા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૧.૧૩ | સાંગલી | SUDH050903 | ડૉ. સિધ્ધાર્થ રાજેશ દેવજી ધરમશી | સુથરી | ૨૬ |
| | સાંગલી | A | ડૉ. પૂર્ણિમા અશોક દેપન્ના | સાંગલી | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬.૧.૧૩ | મુલુંડ | VRMO301302 | કુનાલ મહેન્દ્ર મોમાયા | વરાડીયા | ૨૯ |
| | મુલુંડ | DADA050403 | જિનલ ભરત હીરજી માલદે | દલતુંગી | ૨૩ |
| ૨૨.૧.૧૩ | મુલુંડ | JKDH03703 | નીરવ હસમુખ લક્ષ્મીચંદ ધરમશી | જખૌ | ૨૬ |
| | પુના | RPLO031203 | શ્વેતા તિલકચંદ (મંગલભાઈ) લોડાયા/ભાટે | રાપરગઢવારી | ૨૬ |

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ યોજીત સમુહ લગ્નોત્સવ-૨૦૧૨ આદિપુર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | JSCD020203 | વિનીત પ્રકાશ મણીલાલ છેડા | જસાપર | ૨૬ |
| | ગાંધીધામ | KRLO120405 | ચિંતલ મહેશ જવેરચંદ લોડાયા | કોઠારા | ૨૩ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | KRDH | જિગ્નેશ ખુશાલસોજપાર ધરમશી | કોઠારા | ૨૨ |
| | ભાટાપરા | VRDD050403 | સુમન નરેન્દ્ર પદમશી દંડ | વરાડીયા | ૧૮ |
| ૯.૧૨.૧૨ | ભુજ | NLMT010204 | સચીન દીલીપ રતનશી મોતા | નલીયા | ૨૪ |
| | રાપરગઢ | SNMA011505 | હંસા સોમચંદ દેવજી મૈશેરી | નાની સિંધોડી | ૨૨ |




## ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૧૨.૧૨ | બોરીવલી | VVCD030904 | નેહુલ આઝાદ કલ્યાણજી છેડા | વારાપધ્ધર | ૨૭ |
| | આદીપુર | SUKN040204 | મિતલ વિજય કેશવજી ખોના | સુથરી | ૨૨ |
| ૯.૧૨.૧૨ | વાશી | VRDA | નીતીન શામજી રતનશી ડાઘા | વરાડીયા | ૨૫ |
| | બાંઢીયા | PRNG050804 | ભાવના ઝવેરચંદ નરશી નાગડા | પરજાઉ | ૨૦ |
| ૯.૧૨.૧૨ | કોઠારા | JKLO020304 | દિલીપ દિપક શીવજી લોડાયા | જખૌ | ૨૩ |
| | બાંઢીયા | PRNG050805 | હિના ઝવેરચંદ નરશી નાગડા | પરજાઉ | ૧૯ |
| ૯.૧૨.૧૨ | વાપી | SNMA020303 | ચિંતેશ નરેન્દ્ર ધનજી મૈશેરી | નાની સિંધોડી | ૨૩ |
| | નાલાસોપારા | JKLO020204 | તોરલ મહેન્દ્ર શીવજી લોડાયા | જખૌ | ૨૨ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | TRLO010402 | તેજસ જ્ઞાનચંદ તેજપાલ લોડાયા | તેરા | ૨૮ |
| | કલકત્તા | JKKN060404 | કેયા મહેન્દ્ર ભવાનજી ખોના | જખૌ | ૨૬ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | GDKR100202 | હિરેન પ્રકાશ આણંદજી કુરૂવા | ગોધરા | ૨૬ |
| | ડોંબીવલી | KRDH100303 | નેહા ભરત ઝવેરચંદ ધરમશી | કોઠારા | ૨૬ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | JKLO120104 | આશીષ શાંતિલાલ ખીમજી લોડાયા | જખૌ | ૩૦ |
| | ડોંબીવલી | JSDH070304 | રીના ઉમરશી મેઘજી ધરમશી | જસાપર | ૩૦ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | SMMA050504 | જેકી અભય ત્રીકમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૧ |
| | ડોંબીવલી | DALO050503 | ભાવિતા નિરંજન ભાણજી લોડાયા | દલતુંગી | ૨૧ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | SADH060303 | હર્ષ રાજેશ ધનજી ધરમશી | સાંધાણ | ૨૭ |
| | ધુલીયા | BDMA040204 | શીતલ હિરાચંદ રાયચંદ મૈશેરી | બાંઢીયા | ૨૬ |
| ૯.૧૨.૧૨ | આદીપુર | GENG020303 | અમિત ચંદ્રકાંત વિશનજી નાગડા | ગોએરસમા | ૨૬ |
| | સેંધવા | BRMO061103 | બબિતા પ્રકાશ પ્રેમજી મોમાયા | બારોઈ | ૨૦ |
| ૯.૧૨.૧૨ | સેંધવા | BRMO061004 | હરીશ શાંતિલાલ પ્રેમજી મોમાયા | બારોઈ | ૨૫ |
| | ગુંટુર | GENG020204 | મિનલ પદમશી વિશનજી નાગડા | ગોએરસમા | ૨૩ |
| ૯.૧૨.૧૨ | કોચીન | BDDD010904 | સિધ્ધાર્થ શરદ પાનાચંદ દંડ | સેવક ભરૂડીયા | ૩૧ |
| | મુલુંડ | JKMU040203 | રચના નવિન ઉમરશી મુનવર | જખૌ | ૨૫ |
| ૯.૧૨.૧૨ | સુરત | SUDH120505 | રાહુલ ગીરીશ ઉમરશી ધરમશી | સુથરી | ૨૩ |
| | ડોંબીવલી | VRMO210205 | ગુંજન કિરીટ ધનજી મોમાયા | વરાડીયા | ૨૧ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | SUMO | અજય લક્ષ્મીચંદ રતનશી મોમાયા | સુથરી | ૨૭ |
| | બાન્દ્રા | A | હર્ષા પવનશર્મા હરીપ્રસાદ વ્યાસ | મંડેલા | ૨૫ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | JKSL060503 | રાહુલ કાંતિલાલ રતનશી શીયાડ | જખૌ | ૩૧ |
| | અમદાવાદ | A | જયશ્રી અરવિંદકુમાર જમનાદાસ ભાવસાર | મોડાસા | ૨૮ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | NLKN170203 | પ્રકાશ જેઠાલાલ દેવશી ખોના | નલીયા | ૨૮ |
| | સુરત | A | ભક્તિ કનૈયાલાલ પુરસોત્તમ સુચક | અમરેલી | ૨૫ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | KRMT | પિયુષ નવીનચંદ્ર જેઠાભાઈ મોતા | કોઠારા | ૨૭ |
| | થાણા | A | પિંકી સાહેબરાવ બાબુરાવ સાલવી | નાશિક | ૨૫ |
| ૯.૧૨.૧૨ | ડોંબીવલી | BDDU020203 | દિનેશ જેઠાલાલ વેલજી ધુલ્લા | બાંઢીયા | ૩૬ |
| | અંબરનાથ | A | સાવિત્રી મોહનભાઈ રામભાઈ નાયડુ | ચેન્નઈ | ૩૪ |

**મરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨.૧.૧૩ | જાલના | BRGS060501 | કિશોર ભવાનજી ભીમશી ગોસર | બારોઈ | ૫૬ |
| ૨૨.૧.૧૩ | નવી મુંબઈ | JKHF010701 | કુંવરબાઈ રતનશી દામજી હેફા (વિંઝાણી) | જખૌ | ૮૫ |
| ૨૫.૧.૧૩ | કોપલ | KDGL01705 | સેવંતીલાલ ખીમજી નેણશી ગાલા | કોટડી | ૭૨ |
| ૨૫.૧.૧૩ | ઈન્દોર | NLDH010802 | ખેતબાઈ તલકચંદ લાલજી ધરમશી | નલિયા | ૭૮ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6

24160708 • 32960708 • 65005758

tanmantravels@yahoo.co.in


**હાર્દિક વધામણાં**

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે ઐરોલી (નવી મુંબઈ)માં જ્ઞાતિ માટે સાકાર થનાર વિવિધલક્ષી સંકુલ **'કસ્તુરી-પદમ'** ભવનના તા. ૨.૨.૧૩ના શુભમુહુર્તે ખાત મુહુર્ત-મંગલાચરણ બદલ સમસ્ત જ્ઞાતિને હાર્દિક વધામણાં...

**"તન-મન" પરિવાર**


SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental™

MADHUBAN - JHARKHAND

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# હાર્દિક અભિનંદન

## ૪૨મી લગ્ન વર્ષગાંઠના વધામણાં



### શ્રી વિનોદભાઈ અને સૌ. ગીતાબેન ડાઘા

(વરાડીયા-મુલુંડ)

आदरणीय विनोदभाई और पू. गीता भाभी,

आपका आनेवाला हर वर्ष खुशियों की नई रोशनी लेकर आये । डागा और गोसर परिवार की ओर से बहुत-बहुत शुभकामनाएं, मातुश्री भाग्यवंतीबाई और श्री विरचंद भा ने जैसा नाम रखा है, विनोद वैसा ही आपका स्वभाव है । विनोद भा का हर पल खुशियां बांटना और हर वक्त मुस्कुराते रहना । सबको हँसाते रहना । उस नाम को विनोद भा ने सार्थक कर दिया । और हमारी सीता जैसी भाभी गीता जितनी भी तारीफ करो उतनी कम है । भागवत गीता की तरह हरदम सच्चाई के रास्ते पे चलनेवाली और पुरे परिवार के लिए कोई भी काम हो हमारी भाभी तत्पर रहती है ''ना'' शब्द तो कहना ही नही सीखा ।

अपने लिए तो सभी जीते है पर हमारे भैय्या और भाभी तो सभी के लिए जीते है । सुख और दु:ख हर वक्त साथ रहते है। वो भी नि:स्वार्थ भाव से पुरे परिवार, दोस्त, संबंधी, रिश्तेदार सबके लिए हर पल कोई भी काम हो हाजिर हो जाते हैं । भा-भाभी ने सबको देना ही सीखा है । उन्हे लेने का सवाल ही नही आता है । और मुझे तो (जयश्री) जमीं से उठाकर आसमां पे बिठा दिया, मैं तो पता नही उनका कर्ज कब चुका पाऊंगी, बस भगवान से प्रार्थना कर सकती हुँ कि भगवान उनकी हर मनोकामना पुरी करे । मेरा (हिरेन) जो कोई भी काम हो भाई और भाभी के बिना हो नही सकता, क्योंकि भाई-भाभी के दोनो हाथ और आशीर्वाद हर वक्त मेरे साथ रहते हैं । नीति बिटिया की शादी भी भाई-भाभी और पुरे परिवार के सहयोग से सारे काम खुशी-खुशी होते चले गये । बस, भगवान से यही दुआ करते है विनोदभाई और भाभी की जिंदगी के हर पल इन्ही आशाओं (हंसा) के साथ तरह खिले खिले रहें ।

**: शुभेच्छक :**

**मातुश्री स्व. प्रमिलाबेन विशनजी गोसर**

**सौ. मीता वसंत खोना • सौ. पूजा रोहिन धुल्ला**
**सौ. केतना किशोर खोना • सौ. चेतना कैलास मोता**
**सौ. नीति पूर्वेश मोता • सौ. जयश्री हिरेन गोसर**

एवम्

विवेक, वैभव, करन, नीतिन, रिध्धी

**निमाड रोडवेज - खंडवा - M 9425085527**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# હાર્દિક અભિનંદન



## કુ. પ્રાચી પ્રવીણ મૈશેરી

બી.કૉમ., એમ.બી.એ. 4th Sem. (ફાયનાંસ & માર્કેટિંગ)

ને વર્ષ ૨૦૧૧-૨૦૧૩ માટે DIMAT બેસ્ટ સ્ટૂડેંટ ઑફ ઈયર નો પારિતોષક મળેલ છે.

કુ. પ્રાચી શાળા જીવન થી વિવિધ પ્રતિભાઓ માં બેસ્ટ પ્રર્દશન કરેલ છે. તેમણે ૩૭ મેડલ્સ અને અનેક કપ-શિલ્ડ પ્રાપ્ત કરીને પરિવાર-શાળા-કૉલેજ નો નામ ઊજ્જ્વલ કરેલ છે. તેઓ પ્રતિષ્ઠિત કંપની હિન્દુસ્તાન ટાઈમ્સ માં એડમિનિસ્ટ્રેટર તરીકે કાર્યરત છે.

તેમના ઊજ્જ્વલ ભવિષ્ય ની કામનાઓં સાથે...

**ગં. સ્વ. લક્ષ્મીબેન માણેકજી દેવજી મૈશેરી પરિવાર**

કચ્છ નાની સિંઘોડી, હાલ-રાયપુર (છ.ગ.)

## મહાવીર ટ્રેડિંગ કંપની

ગ્રેન મર્ચેન્ટ & કમીશન એજેન્ટ

લક્ષ્મી નિવાસ, સેઠ નેમીચંદ ગલી, ગંજપારા, રાયપુર ૪૯૨ ００૯ (છ.ગ.)

ફોન : ０૭૭૧-૨૨૯૩૪００, ૪०૩૧०૩૬

મોબા.: ０૯૪૨૫૨-０૨૨०૩, ०૯૪૨૫૫-०૧०૨०

e-mail : pravinmaisheri@ymail.com

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**